
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી જૈન આત્માનંદ સભા
ખારગેટ, ભાવનગર-૩૬૪૦૦૧
ફોન : (0278) 2521698



# શ્રી આત્માનંદ પ્રકાશ

આત્મ સં. ૭૮ (ચાલુ), વીર સં. ૨૫૦૦
વિ. સં. ૨૦૩૦ શ્રાવણ

कहने लगा यूं दीपक कुछ ध्यान तो लगाओ
सेवाका पंथ ऐसा पडता है तन जलाना
संसारमें भला वो अमरत्व कैसे पाये
सह सहके कष्ट जिसने सीखा न मुस्कराना ॥

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર.

પુસ્તક : ૭૧ ] ઓગસ્ટ : ૧૯૭૪ [ અંક : ૧૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અ....નુ....ક્ર....મ....ણિ....કા


| ક્રમ લેખ | | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. જિનવાણી | | — | ૧૦૫ |
| ૨. મહાદેવીઓ અને મહાસતી | ... | મનસુખલાલ તા મહેતા | ૧૦૬ |
| ૩. નિર્જરા | ... | રતિલાલ માણેકચંદ શાહ | ૧૧૦ |
| ૪. જગત કર્તા વિષે વિવિધ મતો | ... | ,, ,, ,, | ૧૧૨ |
| ૫. શ્રાદ્ધ, પ્રતિક્રમણનાં સૂત્રો, | ... | હિરાલાલ ર. કાપડિયા | ૧૧૩ |
| ૬. સેવાનો મોહ | ... | શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહ | ૧૧૮ |
| ૭. જૈન સમાચાર | ... | — | ૧૨૦ |
| ૮. ગ્રન્થાવલોકન | ... | શ્રી અનંતરાય જાદવજી શાહ | |


## આ સભાના નવા માનવંતા પેટ્રન

શ્રીમતી ભાનુમતીબેન વાડીલાલ ગાંધી-મુંબઇ

## ગ્રં.....થા....વ.....લો ...ક....ન

**શ્રીમદ્ રાજચંદ્ર અધ્યાત્મ જ્ઞાન કોષ :—સંગ્રાહક :-શ્રી. ભોગીલાલ ગિ. શેઠ**

પ્રકાશક :-શ્રી. કે. કે. સંઘવી, ૫૦૫, કાલબાદેવી રોડ, મુંબઇ-૨

'શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથમાં ઠેર ઠેર અપાયેલી દરેક વિષય ઉપરની માહિતી એકી સાથે મળી રહે અને જાણવા સમજવાની સુગમતા થાય એ હેતુથી આ ગ્રન્થની ગોઠવણી કરવામાં આવી છે. બધા વિષયોને કક્કાવારી પ્રમાણે ગોઠવવામાં આવ્યા છે. આ પુસ્તક, 'શ્રીમદ્ રાજચંદ્ર' વિષે એક આદર્શ reference book બની રહે છે.

**વીતરાગ સ્તવ ( સવિવેચન-સકાવ્યાનુવાદ ) :—**

વિવેચન કર્તા-કાવ્યાનુવાદ કર્તા :-ડૉ. ભગવાનદાસ મનસુખભાઈ મહેતા
પ્રકાશક :-શ્રીમદ્ રાજચંદ્ર નિજાભ્યાસ મંડપ ટ્રસ્ટ
પ્રાપ્તિસ્થાનઃ-શ્રીમદ્ રાજચંદ્ર પાઠશાળા, પંચભાઈની પોળ અમદાવાદ
કિંમત ત્રણ રૂપિયા

કળિકાળસર્વજ્ઞ શ્રીમદ્ હેમચંદ્રાચાર્યજીએ, શ્રી કુમારપાળ મહારાજાને માટે આ વીતરાગ-સ્તવની રચના સંસ્કૃત ભાષામાં કરેલ હતી. તેનો જાણીતા વિદ્વાન્ ભાઇશ્રી ડૉ. ભગવાનદાસ મનસુખભાઈ મહેતાએ સરળ ગુજરાતી ભાષામાં ગદ્ય-પદ્યાનુવાદ કરેલ છે અને તે પર સુંદર તલસ્પર્શી વિવેચન લખેલ છે.

**જૈન-ધર્મ-સાર :—સંકલનકાર :-શ્રી જિનેન્દ્રવર્ણીજી**

પ્રકાશક :-સર્વ સેવા સંઘ પ્રકાશન, રાજઘાટ, વારાણસી

પ્રસ્તુત ગ્રંથમાં આગમમાંથી અને મહાન આચાર્યોએ બનાવેલ ૪૨૯ ગાથાઓ અથવા શ્લોકોનો સંગ્રહ કરવામાં આવ્યો છે. આ શ્લોકમાં શ્વેતાંબર અને દિગંબર બન્નેના સાહિત્યનો

( અનુસંધાન ટાઇટલ પેજ ત્રીજા ઉપર જુઓ )


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## આ સભાના નવા માનવંતા પેટ્રન

# શ્રી. પન્નાલાલ લલ્લુભાઈ પટ્ટણી

## જીવનની ટૂંકી રૂપરેખા



દર્શન, જ્ઞાન અને ચારિત્રરૂપી રત્નત્રયીનો સુમેળ જેના જીવનમાં ચરિતાર્થ થયેલો જોવામાં આવે છે એવા શ્રેષ્ઠીવર્ય શ્રી. પન્નાલાલ લલ્લુભાઈનો જન્મ સ્વ. આચાર્ય સમ્રાટ શ્રી નેમીસૂરીશ્વરજીની પવિત્ર જન્મભૂમિ મહુવા (સૌરાષ્ટ્ર)માં સં. ૧૯૬૫ના કારતક વદિ ૧૨ શુક્રવાર તા. ૨૦-૧૧-૧૯૦૮ ના શુભ દિવસે થયો હતો. શ્રી. પન્નાલાલભાઈના પિતાશ્રી શેઠશ્રી લલ્લુભાઈ વીરચંદના વડીલો મૂળ તો જૈનપુરી પાટણ (ગુજરાત)ના રહીશ હતા. પરંતુ પાટણથી ધંધા અર્થે તેઓ મહુવા બંદરમાં આવીને વસ્યા. સૌરાષ્ટ્રના કેટલાક શહેરોમાં પાટણના પટ્ટણીઓ આવીને વસેલા છે અને દીર્ઘદૃષ્ટિ તેમજ ધંધાની કૌશલ્યતાના કારણે સૌરાષ્ટ્રવાસી બનેલાં છે. શેઠશ્રી લલ્લુભાઈ વીરચંદના વડીલો પણ આ જ રીતે મહુવામાં આવેલા અને પોતાનો ધંધો જમાવેલો. શ્રી. લલ્લુભાઈ વીરચંદ પૂજ્ય પાદ આચાર્યશ્રી વિજયનંદનસૂરિજીના અનન્ય ભક્ત હતા અને બાળાશ્રમના વિકાસમાં તેમજ દેરાસરની પેઢીની કાર્યવાહીમાં ઉત્સાહપૂર્વક રસ લેતા. સં. ૨૦૦૩ની સાલમાં આ કુટુંબ પોતાના ધંધાના ઉત્કર્ષ અર્થે ભાવનગરમાં આવ્યું અને અપૂર્વ સફળતા પ્રાપ્ત કરી.

શ્રી. પન્નાલાલભાઈએ અંગ્રેજી ૭ ધોરણ સુધીનો અભ્યાસ મહુવામાં કર્યો અને પછી પિતા સાથે ધંધામાં જોડાઈ ગયા. તેમના પિતાશ્રીનો સ્વર્ગવાસ સં. ૨૦૦૭ની સાલમાં થયો અને માતુશ્રી ચુનિબહેન સં. ૨૦૨૧માં સ્વર્ગવાસ પામ્યાં. શ્રી. પન્નાલાલભાઈનો મૂળ વેપાર તો ખોળ, સીંગ વિગેરેનો એક્સપોર્ટનો. પરંતુ પછી તેમણે ઉદ્યોગ (Industry) પ્રત્યે પણ લક્ષ આપ્યું અને તેના પરિણામે શ્રી લક્ષ્મી સ્ટીલ એન્ડ વાયર ઈન્ડસ્ટ્રીઝ કંપનીની સ્થાપના થઈ. આ કંપનીએ બાહોશ કાર્યવાહીના કારણે ટૂંક સમયમાં અપૂર્વ સફળતા પ્રાપ્ત કરી છે.

શ્રી. પન્નાલાલભાઈને સંતાનમાં બે પુત્રો અને ચાર પુત્રીઓ. મોટા પુત્ર શ્રી. મનહરલાલ તેમજ નાના પુત્ર શ્રી. કનૈયાલાલભાઈ પિતાની સાથે જ ધંધામાં જોડાઈ ગયા છે. તેમની ચારે પુત્રીઓ ચિ. જયાબહેન, મંજુલાબહેન, ભાનુમતીબહેન અને સરોજબાળા ભારે સંસ્કારી અને કેળવાયેલા છે. ચારે બહેનોનાં લગ્ન થઈ ગયા છે. દરેક રીતે સુખી અને સમૃદ્ધ એવા શ્રી. પન્નાલાલભાઈના જીવનમાં સં. ૨૦૦૨ની સાલમાં એક ભારે દુઃખદ બનાવ બની ગયો. તેમની ૩૭ વર્ષની ઉંમરે તેમના સુશીલ પત્ની સૌ. જેકુંવરબેનનું અકાળે અવસાન થયું. યુરોપ અને અમેરિકામાં જે ઉંમરે માણસો લગ્ન કરે છે તે ઉંમરે શ્રી. પન્નાલાલભાઈના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દાંપત્ય જીવનનો અંત આવ્યો. સંતાનો નાના નાના હતા પરંતુ માતુશ્રી હતા એટલે હિંમત અને ધૈર્ય દાખવી શ્રી. પન્નાલાલભાઈએ સંસારરૂપી રથ માત્ર એક જ પૈડા વડે ચાલુ રાખ્યો. પ્રાકૃત ભાષાના એક સુભાષિતમાં કહેવામાં આવ્યુ છે છે કે, "આયખા ભર જે સુખ દુઃખના સાથી રહ્યાં હોઈ ને જેમનો પ્રેમ દઢ મૂળ બન્યો છે, તેવા દંપતીમાંથી જે પહેલાં મર્યું તે જીવી ગયું, ને જે રહી ગયું તે જ મર્યું." આમ પ્રૌઢ અવસ્થામાં પ્રવેશ થાય તે પહેલાં જ શ્રી. પન્નાલાલભાઈ વિધુર બન્યાં અને તેમનું જીવન વાનપ્રસ્થ બન્યું. સંતાનોની જવાબદારી હતી એટલે સંસારથી વિમુક્ત બનવાનું તો શક્ય ન હતું, પણ વિરકત તો જરૂર બન્યાં. ધર્મપત્નીના સ્વર્ગવાસ પછી સંસાર અને ધંધામાં રહેવા છતાં, તેમાં તેઓ જળકમળવત્ રહે છે અને ધર્માનુષ્ઠાનો તેમનું મુખ્ય લક્ષ્ય બન્યાં.

પ્રાતઃકાળે સામાયિક, પ્રતિક્રમણ, પૂજા, સ્નાત્ર પૂજા, વ્યાખ્યાન શ્રવણ અને સાંજે પ્રતિક્રમણ એમના જીવનમાં નિત્ય નિયમરૂપ બની ગયા. સ્નાત્ર વખતે નાની મોટી પ્રભાવના પણ નિયમિત કરે. સં. ૨૦૨૯ની સાલમાં નવાણું જાત્રા કરવાનો અપૂર્વ લાભ લીધો અને સાધુ–સાધ્વીઓની વૈયાવચ્ચ માટે અપૂર્વ ઉલ્લાસ હોય તે અર્થે રસોડું પણ ચાલુ રાખેલું. આપણે ત્યાં વૈયાવૃત્યનું બહુ મોટું માહાત્મ્ય છે. શ્રી ઉત્તરાધ્યન સૂત્રમાં તો સ્પષ્ટ કહ્યું છે કે **वेयावच्चेणं तित्थयर नामगुत्ते कम्म निबंधइ** અર્થાત્ વૈયાવૃત્યથી તીર્થંકર–નામગોત્ર કર્મ બંધાય છે. શ્રી. પન્નાલાલભાઈના જીવનમાં આ મહાન ગુણ ચરિતાર્થ થયેલો જોવામાં આવે છે. થોડા સમય પહેલાં શેત્રુંજય તીર્થની પવિત્ર ભૂમિમાં રહી સવા લાખ નવકાર મંત્રનો જાપ કર્યો હતો, જે વખતે પણ સાધુ સાધ્વીની ભક્તિ અર્થે સ્વતંત્ર રસોડું રાખ્યું હતું. સં. ૨૦૨૭ની સાલમાં પોતાના મકાનમાં પૂ. આચાર્ય મેરુપ્રભસૂરિજી અને પંચાસી સાધુ સાધ્વીઓને ચોમાસાની પૂર્ણાહુતિ પ્રસંગે ઠાણા ઉઠાણા કરાવ્યાનો લાભ લીધો હતો. સં. ૨૦૨૮ની સાલમાં પૂ. આચાર્ય શ્રી ધૂરંધરસૂરિજીને વ્યાખ્યાન નિમિત્તે શ્રી ભગવતીસૂત્ર ઓરાવવાનો અપૂર્વ લાભ લીધો હતો અને તેમના શિષ્ય સમુદાય સાથે પોતાના નિવાસ સ્થાને થોડા દિવસો રાખી વેયાવચ્ચનો અનેરો લહાવો લીધો હતો. શ્રાવકના બાર વ્રતો તેમજ એકવીસ ગુણોનો વધતા ઓછા અંશે તેમના જીવનમાં આવિર્ભાવ થયેલો જોવામાં આવે છે, જે ખરેખર પ્રશંસા અને અનુમોદના પાત્ર છે. સં. ૨૦૨૫ની સાલમાં દાદા સાહેબના મંદિરમાં તેમણે ભગવાન શ્રી ચંદ્રપ્રભની પ્રતિમાની પ્રતિષ્ઠા કરવાનો અપૂર્વ લાભ લીધો હતો અને સમસ્ત સંઘના સ્વામીવાત્સલ્યમાં પણ બીજાઓની સાથે લાભ લીધો હતો. ઉત્તમોત્તમ જીવનનો નિર્દેશ કરતાં સુપ્રસિદ્ધ સાહિત્યકાર અને લેખક રોમાં રોલાંએ કહ્યું છે કે, જે પ્રમાણે જીવન ગાળવાથી જગતનું ઓછામાં ઓછું અકલ્યાણ થાય અને વધારેમાં વધારે કલ્યાણ સધાય, તેજ ઉત્તમોત્તમ જીવન છે. આવા નિર્મળ અને પવિત્ર જીવનનું નિદર્શન શ્રી. પન્નાલાલભાઈના જીવનમાં થાય છે. તાજેતરમાં અમારી સભા તરફથી થયેલ શ્રી. વાડીલાલ ગાંધીના સન્માન સમારંભમાં તેઓની વરણી સમારંભના અધ્યક્ષ તરીકે કરવામાં આવી હતી. હવે આ સભાના પેટ્રન બની તેઓ સહાયરૂપ બને છે. શાસનદેવ શ્રી પન્નાલાલભાઈને દીર્ઘાયુ અને તન્દુરસ્તી અર્પે અને સમાજસેવાના અનેક શુભ કાર્યો તેમના હાથે થાય એવી શુભેચ્છા સાથે વિરમીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રી આત્માનંદ પ્રકાશ

વર્ષ : ૭૧ ] વિ. સં. ૨૦૩૦ શ્રાવણ .·. ઈ. સ. ૧૯૭૪ ઓગસ્ટ [ અંક : ૧૦


अप्पणट्ठा परट्ठा वा कोहा वा,
जइ वा भया ।
हिंसगं न मुसं वूया—
नो वि अन्नं वयावए ॥

—જિનવાણી.

પોતાને માટે કે પારકાને માટે, ક્રોધના આવેશમાં આવીને અથવા ભયથી કોઇની હિંસા થાય એવું અસત્ય વચન બોલવું નહિ અને બીજા પાસે બોલાવવું નહિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મહાદેવીઓ અને મહાસતી

અનેક વરસો પહેલાંની આ એક સમજવા જેવી મહાન સતીની કહાણી છે. એ મહાસતીનું નામ અનસૂયા. કર્દમ ઋષિની યોગમાયા જેવી પત્ની દેવહૂતિને ત્યાં તેનો જન્મ થયો હતો. માતાએ એક સાથે નવ પુત્રીઓને જન્મ આપ્યો. તેમાંની એક અનસૂયા અને બીજી અરુંધતી. માતાની પવિત્રતા, તેજ અને સતીત્વનો પૂરેપૂરો વારસો આ નવે પુત્રીઓને પ્રાપ્ત થયો હતો. કર્દમ ઋષિ મહાન વૈજ્ઞાનિક હતા.

અનસૂયાના લગ્ન મહર્ષિ અત્રિ સાથે થયા હતા. ઋષિઓ એ યુગમાં બહુધા તપ, યોગ અને આત્મ ચિંતનમાં જ મસ્ત રહેતા. કર્દમ ઋષિએ પોતાની પુત્રીઓને વિશિષ્ટ કોટિનું અનેક યોગ સિદ્ધિઓનું જ્ઞાન આપ્યું હતું. લગ્ન થયા બાદ અત્રિ ઋષિએ ચિત્રકૂટની દક્ષિણે એક વિશાળ યોગાશ્રમની સ્થાપના કરી. ત્યાં હજારો સાધકો સાધના કરતા અને વેદાભ્યાસનું તે એક મોટું સ્થાન હતું. આશ્રમની આસપાસનો પ્રદેશ અત્યંત રળિયામણો અને ફળદ્રુપ હતો. નાળિએરી અને આમ્ર ફળોનો ત્યાં મોટા પ્રમાણમાં પાક થતો. અત્રિ મુનિ ત્યાં દીર્ઘકાળ પર્યંત ધ્યાનસ્થ અને સમાધિસ્થ રહ્યા હતા.

અત્રિ મુનિની સમાધિ વખતે કમનશીબે એ પ્રદેશમાં એક સમયે ભારે મોટો દુષ્કાળ પડ્યો. લીલોછમ જેવો આશ્રમ વેરાન બની ગયો. સાધકો એક પછી એક આશ્રમ છોડી ચાલી ગયા. આશ્રમના મનોહર વૃક્ષો પર્ણો વિનાના ઠુંઠા થઇ ગયા અને જ્યાં જુઓ ત્યાં માત્ર પ્રાણીઓનાં અસ્થિ અને મૃત દેહો જ નજરે પડે. સૌએ તો પોતાનો માર્ગ કરી લીધો પણ અત્રિ મુનિ તો સમાધિસ્થ હતા, એટલે ઋષિ પત્ની પતિને મૂકી કેમ જઈ શકે? સમગ્ર દેશમાં ચારે તરફ ભીષણ દુષ્કાળના કારણે પાણીનું ટીપું શોધવું પણ મુશ્કેલ બન્યું.

સમાધિમાં કોઈક વખતે ઋષિ જ્યારે પાણી માગે ત્યારે અનસૂયા ગમે ત્યાંથી અચૂક પાણી શોધી લાવે. પણ પછી તો દૂર દૂરથી પણ પાણી પ્રાપ્ત કરવું દુષ્કર બન્યું. ઋષિ પત્ની ભારે વિમાસણમાં પડ્યા. હવે પતિ પાણી માગશે તો લાવીશ ક્યાંથી? આશ્રમની મધ્યમાં જઇ માતા વસુંધરાને દીન વદને પ્રાર્થના કરવા લાગ્યા, 'મા, વસુંધરા! પૃથ્વીપરના માનવો, પશુઓ અને પક્ષીઓ સૌ તારા સંતાન છે. તારા સંતાનો પ્રત્યે પણ તને દયા નથી આવતી? માતા પોતાના જ સંતાનો પ્રત્યે ક્રુર અને ઘાતકી બને એવું તો ક્યાંય નથી સાંભળ્યું. પૃથ્વીના પેટાળમાં પાણીનો ક્યાં ટોટો છે? મારા પતિ હમણાં પાણી માગશે તો પાણીને બદલે તેમને શું મારા અશ્રુ ભર્યો ગ્લાસ આપું? પણ તેનો સ્વાદ તો ખારો હશે!' અનસૂયાના ચક્ષુઓમાંથી અશ્રુની ધારા વહેવા લાગી. ત્યાં તો સામેથી એક યોગિનીને હાથમાં પાણીનું કમંડળ લઈ આવતા જોયા. કમંડળ અનસૂયાને આપી યોગિનીએ કહ્યું, 'દીકરી! પાણી તો જમીનમાં પાર વિનાનું છે. તું ઊભી છો તે જ જગ્યાએ થોડું ખોદ એટલે જળ જળાગાર!' અનસૂયાના આનંદનો પાર ન રહ્યો અને કહ્યું, 'યોગિની! જરા થોભો, હું ઋષિને પાણી આપી ઉભી ઉભી પાછી આવું છું.'

પણ અનસૂયા પતિને પાણી આપી પાછા આવે છે ત્યાં તો યોગિની અદૃશ્ય થઇ ગયા હતા. અનસૂયાને થયું કે ઘડીમાં શું પૃથ્વીના પેટાળમાં ગેબ થઇ ગયા! સૂચના મુજબ જમીનમાં બે ત્રણ હાથ ઊંડું ખોદકામ કર્યું ત્યાં તો પાણીનો ધોધ વહેવો શરૂ થયો. તેને ખાતરી થઈ કે માતા વસુંધરા પોતેજ યોગિની સ્વરૂપે દર્શન આપી ગયા. પાણીના પ્રગટ થયેલા ધોધે તો નદીનું સ્વરૂપ ધારણ કર્યું અને અનસૂયાની પતિભક્તિના પ્રભાવે જે નદી પ્રગટી તેનું નામ મંદાકિની તરીકે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રસિદ્ધ થયું. ગંગા નદીના જળની માફક જ મંદાકિનીના જળ નિર્મળ અને પવિત્ર.

થોડા સમયને અંતે અત્રિઋષિ સમાધિમાંથી જાગ્રત થયા અને ભીષણ દુષ્કાળ તેમજ પત્નીના તપના પ્રભાવે નદી પ્રગટ્યાના સમાચાર જાણ્યાં એટલે પત્ની સમક્ષ તેમનું મસ્તક નમી પડ્યું. અત્યંત દયાર્દ્રભાવે ત્યારે અનસૂયાએ પતિને કહ્યું, 'સ્વામી ! આ બધું તો આપના તપને આભારી છે, હું તો માત્ર આપની છાયારૂપે છું.'

નારદજીએ જ્યારે સતીના પ્રભાવની આ બધી વાત સાંભળી ત્યારે વિચાર્યું કે દેવલોકની દેવીઓને આ બધું સમજાવવાની જરૂર છે. ટાપટીપ અને વૈભવ વિલાસમાંથી આ બધી દેવીઓ ઉંચે આવી શકતી નથી. દેવોને સહાયરૂપ બનવાને બદલે મોટા ભાગે તો મૂંઝવણરૂપ જ બની રહે છે.

નારદજી તો નૈષ્ઠિક બ્રહ્મચારી હતા. તેમને મન તો સબ ભૂમિ ગોપાળકી. તેઓ તો વીણા બજાવતાં બજાવતાં વૈકુંઠમાં વિષ્ણુ પત્ની લક્ષ્મીજી પાસે પહોંચી ગયા. નારદજી માટે તો સૌને માન લક્ષ્મીજીએ પણ નારદનું યોગ્ય સન્માન કરી આવકાર આપ્યો અને સ્વાભાવિક રીતે પૂછ્યું કે આજકાલ શું નવા જુની છે! નારદજી મનોમન બોલ્યાં પણ ખરાં કે નવાજુની જણાવવા અર્થે તો અહિ આવ્યો છું. નારદજીને ગૃહસ્થાશ્રમનો તો કોઇ અનુભવ નહિં, એટલે નારી જાતિ સાથે વાર્તાલાપ કરવાની કળાથી અજાણ. ન્યાયશાસ્ત્ર, તર્કશાસ્ત્ર અને અર્થશાસ્ત્રની માફક નારી સાથેના વાર્તાલાપનું પણ એક અનોખું શાસ્ત્ર છે. આ શાસ્ત્ર ન જાણનાર ઘણી વખત નારી સાથેના વાર્તાલાપમાં ભાંગરો વાટી નાખે છે અને અળખામણો બને છે તો કોઇક પ્રસંગે હાસ્યાસ્પદ પણ બનવું પડે છે.

નારદજીએ અનસૂયાની સતીત્વની શક્તિ વિષે બધી વાત કરી કહ્યુ, 'મૃત્યુ લોકમાં તો ચારે બાજુ આજકાલ મહાસતી અનસૂયાની જ વાતો થઇ રહી છે. ખરેખર! સાચું જ કહેવાય છે કે આવી મહાસતી જે કૂળમાં જન્મ લે છે તેના પિતૃ પક્ષ અને શ્વસુર પક્ષની બોતેર પેઢીઓ ઉજ્જવળ બની જાય છે. એની શક્તિનો પ્રભાવ તો જુઓ! જ્યાં પાણીનું ટીપું પણ દુર્લભ હતું ત્યાં નદી વહેવા લાગી!'

સ્ત્રી હોય કે દેવી હોય, પણ નારીને અન્ય નારીની વધુ પડતી પ્રશંસા સાંભળી હૃદયમાં ઈર્ષા પ્રગટ થયા વિના નથી રહેતી. સ્ત્રી સ્વભાવના આ પાસાની પુરુષને જ્યારે ખબર નથી હોતી, ત્યારે એવો પુરુષ સ્ત્રી સાથેના વાર્તાલાપમાં અજાણપણે બાફી નાખતો હોય છે. નારદજીથી પણ લક્ષ્મીજી સાથેના વાર્તાલાપમાં આવો બફાટ થઇ ગયો. અનસૂયા માટેની વધુ પડતી પ્રશંસાનો થયેલો અણગમો છૂપાવી તેણે મોં ભારે કરી કહ્યું, 'નારદજી! તમારા ભગવાન પણ મને એક વખત કહેતાં હતાં કે બધું જ સમજવું શકય છે, પણ સ્ત્રીના મનની વાત સમજવી અશકય છે. સ્ત્રીને કદી કોઇ સમજી શકતું નથી. તો પછી એવી સ્ત્રીના જીવન અંગેની લાંબી ચોડી વાતો કરવાનો અર્થ શું છે? સ્ત્રી જીવનનો અનુભવ તમારી જેવા બ્રહ્મચારીને કયાંથી હોય? તો પછી કોઇ પણ સ્ત્રીના જીવન અંગેનો અભિપ્રાય આપવાનો તમારો અધિકાર કેટલો ?'

લક્ષ્મીજીની વાત સાંભળી નારદજી સ્તબ્ધ થઈ ગયા અને હવે આગળ કોઇ દલીલ કરવાપણું પણ ન રહ્યું. નારાયણ! નારાયણ! કરતાં દીવેલ પીધાં જેવું મોં કરી નારદજી ત્યાંથી ચાલી નીકળ્યાં અને જઇ પહોંચ્યા કૈલાસમાં પાર્વતીજીની પાસે. પાર્વતીજી પૂજામાંથી ઊઠયાં તે જ વખતે નારદજી ત્યાં જઈ પહોંચ્યા એટલે પાર્વતીજીએ તો પ્રસાદનો સ્વાદિષ્ટ લાડુ આપ્યો. નારદજીને થયું કે શુકન તો સરસ થયા. નારદજીએ તો અત્યંત ઉલ્લાસપૂર્વક મહાસતી અનસૂયાની પતિભક્તિ અને સેવાની વાતો કરી. પણ આ બધું સાંભળી હર્ષ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

થવાને બદલે પાર્વતીજીના મોં પર તો સ્પષ્ટ રીતે કચવાટ છવાઇ રહ્યો. સ્ત્રીના હાવભાવ અને અંગમરોડ પરથી તેના મનનાં ભાવને પારખવાનું નારદજી જેવા બ્રહ્મચારી માટે શકય તો કયાંથી હોય? પણ પાર્વતીજીએ તો અધવચે જ નારદજીની વાત કાપી નાખી ખુલ્લં ખુલ્લા કહી દીધું, "પ્રસાદનો મારો લાડવો તો હજુ મોંમાં છે અને તમને તો અનસૂયાના લાડવાના ઓડકાર આવતા લાગે છે, ત્રણેય લોકમાં બીજી કઇ નારી મારી તુલનામાં આવે એવી સતી છે કે મને તમે અનસૂયાની ઓળખાણ આપવા આવ્યા છો? નારદજી! કોઈ વીસનખી શોધી લો કે જેથી આવા ભવાડા કરવાનું ન સૂઝે! સતી–અસતીની તમારી સમજ કેટલી?" પાર્વતીજીએ તો ઠંડે કલેજે બે હાથ જોડી ઠાવકાઈપૂર્વક કહી દીધું, 'ચાલો ત્યાર હવે ફરી આવજો!"

નારદજીના આશ્ચર્યનો પાર ન રહ્યો. નારાયણ–નારાયણ કરતાં તેઓ ત્યાંથી ચાલી નીકળ્યાં કંટાળવાનું કે હતાશ બનવાનું નારદજીના લોહીમાં જ નહીં. બીજે દિવસે તેઓ હિંમતપૂર્વક અનસૂયા મહાસતી છે એ વાત બ્રહ્માના પત્ની સાવિત્રીને સમજાવવા ત્યાં જઇ પહોંચ્યા. પરંતુ તે પહેલાં તો સાવિત્રી, પાર્વતીજી અને લક્ષ્મીજીનું મિલન થઇ ચૂકયું હતું. બંને દેવીઓએ સાવિત્રીનાં મોઢે નારદજી સાથેના વાર્તાલાપ અંગે ભારે ટીકા કરી સૂચવ્યું હતું કે મહાસતીની વાત તમારી પાસે પણ લાવશે એ વખતે તેમની સાન ઠેકાણે આવે તેવું કાંઇક ચોક્કસ કરશો. નારદજી તો આપણને ભાજી–મૂળા માને છે. એટલે નારદજી જ્યારે સાવિત્રીના મહાલયમાં પહોંચ્યા ત્યારે ત્યાં તેને આવકાર તો ઠંડો જ મળ્યો. મહાસતીની વાત નારદજી શરૂ કરે તે પહેલાં તો સામેથી જ તેણે તેને કહ્યું, "તમે તો માનવ લોકની કોઇ મહાસતીનું પુરાણ ગઇ કાલે લક્ષ્મીજી અને પાર્વતીજીને સંભળાવી આવ્યા? પણ ગોળની સરખામણી કાંઈ કાંઇ ખોળ સાથે ન થઇ શકે." નારદજીએ પણ પછી તો આવેશમાં આવી જઇ કહ્યું, "અરે, તમે ત્રણે દેવીઓ તો એ મહાસતી અનસૂયાના ચરણ સ્પર્શ કરવા માટેની લાયકાત પણ નથી ધરાવતા." સાવિત્રીજી તો મોઢું મચકોડી તુરત ઉઠીને અંદરના ભાગમાં ચાલી ગયા. અનેવીલા મોંએ નારદજી પાછા ફર્યા.

સાવિત્રીએ તો તુરત જ લક્ષ્મીજી અને પાર્વતીજી પાસે જઈ મીઠું મરચું ભભરાવી ઉમેર્યું કે, ભગવાનના આ પરમ ભક્ત તો ઇચ્છે છે કે અનસૂયાનું ચરણામૃત પી આપણે સૌએ પાવન થવું. પછી તો બાકી શું રહે? વિષ્ણુ, બ્રહ્મા, અને શીવજી પાસે લક્ષ્મીજી, સાવિત્રી અને પાર્વતીજીએ હઠ લીધી કે યેન કેન પ્રકારેણ અનુસૂયાનું શીલ ખંડિત થવું જોઇએ. દેવોએ બહુ સમજાવ્યું કે આ વાત બનવી અશકય છે એટલે લક્ષ્મીજીએ ચીડાઇને કહ્યું, "એમ તો ગૌતમ ઋષિના પત્ની અહલ્યા પણ શું સતી ન હતાં? ઇન્દ્રે કેવું છળ કપટ કરી તેમને શીલભ્રષ્ટ કર્યા! અશકયને પણ શકય બનાવવાની તમારા સૌમાં શક્તિ છે."

મહાન દેવોની સ્થિતિ પણ તેમની દેવીઓ પાસે શેતરંજના પ્યાદા જેવી હોય છે. ત્રણે દેવો સમજતાં હતાં કે દેવીઓની આવી હઠનું પરિણામ કેવું કરુણ આવશે! આમ છતાં દેવીઓની હઠ પાસે તેઓ સૌ લાચાર બન્યાં. પછી તો દેવોએ પણ નક્કી કર્યું કે જે પરિણામ આવે તે સહી લઇને પણ, આ દેવીઓનું અભિમાન નષ્ટ કરવાની જરૂર છે. પછી તો ત્રણે દેવો સાધુ સ્વરૂપ ધારણ કરી અત્રિ ઋષિના આશ્રમમાં ગયા.

અનસૂયાએ સાધુઓનો આદર સત્કાર કરી ખાદ્ય સામગ્રી તેઓની સામે ધરી. કોઇ દેવે તેનો સ્વીકાર ન કર્યો એટલે સતીજીએ કહ્યું, "આ બધી સામગ્રી શુદ્ધ અને સ્વચ્છ છે. શા માટે આપ તેનો સ્વીકાર કરતાં નથી?"

ધીમા અને ધ્રુજતા સ્વરે સાધુના વેષમાં રહેલા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિષ્ણુએ કહ્યું, "અમારે સૌને એવું વ્રત છે કે જે દેવી નિર્વસ્ત્ર થઈને અમને ભીક્ષા આપે તેનો જ અમે સ્વીકાર કરીએ છીએ." યોગીશ્વરોની અનુચિત માગણીનું રહસ્ય સમજતાં અનસૂયાને વાર ન લાગી. એક પળમાં જ તેઓ સમજી ગયા કે આ કોઈ સામાન્ય સાધુ નથી. વિષ્ણુ, બ્રહ્મા અને શીવજી સાધુ વેષે મારા સતીત્વની કસોટી કરવા આવ્યા છે. ધ્યાનમાં બેઠેલા અત્રિ ઋષિનું સ્મરણ કરી અનસૂયાએ સાધુઓ સમક્ષ જળની અંજલિ લઇ કહ્યું, "જો હું સાચી પતિવ્રતા નારી હોઉં અને સ્વપ્નમાં પણ પર પુરષની મેં કદી ન કલ્પના ન કરી હોય, તો આપ ત્રણેય મારા છ છ માસના બાળક બની જાઓ." આમ કહી ત્રણેય સાધુઓ પર જળની અંજલિ છાંટી અને બીજી પળે ત્રણે દેવો બાળક બની ગયા. માતા બાળક આગળ નિર્વસ્ત્ર બની શકે, એટલે પછી તો વસ્ત્ર રહિત બની અનુસૂયાએ ત્રણેય બાળકોને ખોળામાં પયપાન કરાવ્યાં. આ રીતે દેવોની ઈચ્છા પણ તૃપ્ત થઈ.

થોડા દિવસો થયા છતાં દેવો પાછા ન ફર્યાં એટલે મહાદેવીઓને ઉચાટ થયો. નારદજીને બોલાવી વીલે મોંએ કહ્યું, 'અમારે ચિત્રકૂટ અત્રિ ઋષિના આશ્રમમાં જવું છે. મહાદેવો ત્યાં ગયા છે, પણ પાછા ફર્યા નથી તેમ કોઈ સમાચાર પણ નથી." દેવીઓની લીલા નારદજી તુરત સમજી ગયા. વૈકુંઠમાંથી ત્રણે દેવીઓ અને નારદજી રવાના થઈ ચિત્રકૂટ નજીકના અત્રિ ઋષિના આશ્રમમાં આવી પહોંચ્યા. મંદાકિની નદી બતાવી નારદજીએ દેવીઓને કહ્યું, "આ સુંદર નદી સતી અનસૂયાના ઉત્કૃષ્ટ શીલનું ફળ છે." પછી ધીમા સ્વરે જરા વ્યંગમાં ઉમેર્યું, "ખોળ અને ગોળની સરખામણી જો કે ન હોઇ શકે, પણ તમારી સાધનાને અનસૂયાની સાધના સાથે સરખાવી તમે જાણી તો શકો કે આમાં ખોળ કયો અને ગોળ કયો?" ત્રણે દેવીઓએ જવાબ આપવાને બદલે ચુપકીદી જાળવી અને ત્યાં તો દૂરથી સૌએ સતી અનસૂયાને ત્રણ સુંદર બાળકો સાથે આનંદ પ્રમોદ કરતાં જોયાં.

ત્રણે દેવોએ અનુસૂયાના બાળકો થઈને રહેવું પડયું છે, એ વાત સમજાતાં નારદજીને વાર ન લાગી. દેવી અને સતી વચ્ચેનો ભેદ ટૂંકમાં સમજાવી નારદજીએ કહ્યું, "લક્ષ્મીજી! દેવલોકમાં તો સાસુ સસરા જેવું કશું લફરું હોતું નથી, પણ માનવલોકમાં તો આ મોટી ઝંઝટ. આ ત્રણે બાળકો રમે છે તે જ વિષ્ણુ, બ્રહ્મા અને શીવજી. ત્રણેયને સતીની પરીક્ષા કરવા જતાં સતીના બાળકો બનીને રહેવું પડયું છે. એટલે અનસૂયા તમારા સાસુ થયા અને અત્રિઋષિ શ્વસુર થયા. શ્વસુરની મર્યાદા સાચવવા માટે તો માથા પરની સાડીનો છેડો કપાળથી સહેજ નીચે લાવવો પડે, પણ સાસુજીને તો પુત્રવધૂઓએ પગે પડવું પડશે. તમને આ ક્રિયા ન આવડે, પણ સરખી રીતે નીચા નમી અનસૂયાના પગ પકડી વંદન કરજો એટલે એ ક્રિયા સચવાઈ જશે."

પોતાના પતિઓને બાળ સ્વરૂપે જોઇ ત્રણે દેવીઓનાં અહંનો નાશ થયો અને નીચા નમી અનસૂયાના પગ પકડી લઈ દીન વદને કહ્યું, "માતાજી! માનવ લોકમાં તો પુત્રીઓ અને પુત્રવધૂઓની સમાન કક્ષા છે. અમારી ભૂલ માટે ક્ષમા કરો. દોષ આપના પુત્રોનો નથી અમારો છે. આપના દર્શનથી અમે સૌ આજે પાવન થયા."

ત્રણે દેવોએ પોતાનું મૂળ સ્વરૂપ પ્રાપ્ત કરી મહાસતી અનસૂયાને આશીર્વાદ આપતાં કહ્યું, "મહાસતીજી! ત્રણે લોકમાં એક મહાન સતી તરીકે આપનું નામ 'યાવચ્ચંદ્ર દિવા કરો' બનશે અને અમે ત્રણે આપના પુત્રો બન્યાં તેથી અમારા અંશરૂપે આપની કુક્ષીએ ત્રણ પુત્રો જન્મ લેશે."

નારદજીએ ત્રણે દેવીઓને શુભ આશીર્વાદ આપવા અનસૂયાને કહ્યું, એટલે માર્મિક રીતે હસીને આશીર્વાદ આપતાં કહ્યું, "મારા પુત્રોને

(અનુસંધાન પાના ૧૧૧ ઉપર જુઓ)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નિર્જરા

રતિલાલ માણેકચંદ શાહ

પૂર્વે ઉપાર્જન કરેલાં કર્મનો ક્ષય કરવો, (લુપ્ત કરવા) આત્મપ્રદેશથી તે કર્મોને વિલીન કરવાં તેને નિર્જરા કહેવામાં આવે છે. આ નિર્જરાના બે ભેદ છે; એક અકામ નિર્જરા અને બીજી સકામ નિર્જરા.

કર્મની સ્થિતિ પરિપકવ થવાથી (પૂર્ણ થઈ જવાથી) જે કર્મો ઉદયમાં આવીને પોતાની મેળે વિલીન થાય છે તે અકામ નિર્જરા છે, આ નિર્જરા પ્રત્યેક સંસારી જીવોને દર ક્ષણે થયા કરે છે. બીજી સકામ નિર્જરા તે કર્મની સ્થિતિ પૂરી થઈ હોય કે ન થઇ હોય છતાં પણ તપ, જપ, ધ્યાનાદિ કરીને તે કર્મની સ્થિતિ જે સત્તામાં છે તેને ઉદીરણા કરીને (ઉદયમાં લાવીને) ભોગવી લેવી. લુપ્ત કરી દેવી તેને કહેવામાં આવે છે. જે કર્મો સમય સરકયા બાદ લાંબા સમયે ઉદયમાં આવવાનાં હતાં. તેને તેનો સમય પાકયાં પહેલાં, પુરુષાર્થ આચરી ઉદયમાં લાવી ભોગવીને વિલીન કરી દેવા તે સકામ નિર્જરા છે. સંવર થયા બાદ સકામ નિર્જરા હોય છે, તે મોક્ષ પ્રાપ્તિનું મુખ્ય સાધન છે. અકામ નિર્જરાને-સવિપાક નિર્જરા પણ કહેવામાં આવે છે. અને સકામ નિર્જરાને કોઈ અવિપાક નિર્જરા પણ કહે છે.

અકામ નિર્જરામાં જે કર્મો પાકી ગયાં છે, ફલ આપવાને તૈયાર થયા છે. બહાર આવ્યાં છે. જે કર્મની સ્થિતિ સંપૂર્ણ થઈ છે, તે કર્મોનો જ ક્ષય થાય છે. સકામ નિર્જરામાં તો પાકેલાં તેમજ નહીં પાકેલા બન્ને કર્મોની નિર્જરા થાય છે. જેમ વનમાં લાગેલા દાવાનળથી સૂકા તેમજ લીલા બન્ને પ્રકારનાં વૃક્ષો બળીને ખાખ થઇ જાય છે, તેમ આત્માની અનુભૂતિવડે આત્માની ઓળખાણ વડે આત્માના ધ્યાનવડે આત્મામાં રમણતા કરવાવડે અને તેમાં પુરુષાર્થથી આગળ વધવા વડે. પાકેલાં અને નહીં પાકેલા કર્મના સંચયો બળી જાય છે, (ખરી પડે છે.)

કષાયોને દૂર કરીને જે મનુષ્ય આત્મામાં રમણતા કરે છે તે જ કર્મની સકામ નિર્જરા કરી શકે છે. નિર્જરામાં મુખ્ય કારણ આત્માની અનુભૂતિ છે જે સમકિતી બન્યા પછી પ્રાદુર્ભૂત થાય છે. કષાયોને વિલીન કરીને, આત્માનું આલંબન લેવાથી સકામ નિર્જરાનો આવિષ્કાર થઇ શકે છે. જેઓ આત્મતત્ત્વમાં રક્ત થઇને કર્મોનો સંવર કરી અહોનિશ ધ્યાનમાં પ્રવૃત્તિ કરે છે તેજ કર્મની નિર્જરા કરે છે. સંવર કર્યા સિવાય સાધુને (ચારિત્ર ગ્રહણ કર્યું હોય તેમને) પણ સકામ નિર્જરા થતી નથી. જેવી રીતે તળાવમાં પાણીની આવ ચાલુ હોય તો તે ખાલી કઇ રીતે થાય? પાણી આવતું રોકવા નાળા અને આવો પહેલા બંધ કરવી જોઇએ. ત્યાર બાદ સરોવર ખાલી થઇ શકે. તે પ્રમાણે જ્યાં સુધી કષાયાદિ દ્વારા તેમજ મિથ્યાત્વ દ્વારા કર્મો ઉપાર્જન કર્યા જ કરીએ ત્યાં સુધી કર્મો કઈ રીતે વિલીન થઈ શકે?

આત્માનાં સ્વભાવ રૂપ જ્ઞાન, દર્શન, ચારિત્રનું પ્રગટિકરણ કરવાથી કર્મોનો ક્ષય થાય છે. ધ્યાનમાં મનની મુખ્યતા છે, તે મન જડ માયામાં રમ્યા કરે છે; ત્યાંથી હટાવી લઇને, આત્મામાં એકાગ્ર કરવાથી આત્માના જ્ઞાન, દર્શન, ચારિત્રમાં લગાડી દેવાથી કર્મની નિર્જરા થાય છે.

બાહ્ય પરિગ્રહ ધન, ધાન્ય, સ્ત્રી, પુત્રાદિ, કુટુંબિ જનો, અભ્યંતર પરિગ્રહ રાગ, દ્વેષાદિ આ બન્ને પ્રકારની ગ્રંથીનો ત્યાગ કરનાર લોકાચારથી પરાઙમુખ થનાર, ઇંદ્રિયો વશ કરનાર અને મનને



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સંકલ્પ, વિકલ્પના વ્યાપાર રહિત કરનાર મનુષ્ય પ્રત્યેક, કર્મોને લુપ્ત કરી દે છે.

શુભ, અશુભ અને શુદ્ધ એમ ત્રણ પ્રકારના ભાવ-લાગણીઓ છે; તેમાંથી જે મનુષ્ય પ્રથમની શુભાશુભ એ લાગણીઓનો ત્યાગ કરી છેલ્લી શુદ્ધ ભાવના ધારણ કરે છે તેનાં કર્મ ક્ષય થાય છે. શુભ ભાવથી પુન્ય બંધ, અશુભ ભાવના પરિણામથી પાપ બંધ અને વિશુદ્ધ ભાવના પરિણામથી નિર્મળતા પ્રાદુર્ભૂત થાય છે. જેઓનાં પરિણામ શુભાશુભ હોય છે, તે પુણ્ય-પાપ ઉપાર્જન કરી ચાર ગતિમાં પરિભ્રમણ કર્યા કરે છે. પણ વિશુદ્ધભાવથી કર્મની નિર્જરા કરી મોક્ષનો આવિષ્કાર કરે છે. શુદ્ધ આત્મ તત્ત્વને જાણ્યા વિના બાહ્ય તપ કરવાથી કર્મની નિર્જરા થતી નથી શુદ્ધ આત્મ તત્ત્વને જાણ્યા બાદ જ બાહ્ય કે અભ્યંતર તપ કરવાથી કર્મોની નિર્જરા થાય છે. તે જ તપ જો અજ્ઞાન પૂર્વક કરવામાં આવે તો બંધનું કારણ બને છે, તપ કરનારાઓએ પ્રથમ આત્માના શુદ્ધ સ્વરૂપને જાણીને પછી કર્મ-વિલીન કરવા તપ આચરવા જોઈએ. આત્મતત્ત્વનું જ્ઞાન કરીને વીતરાગદેવોએ બતાવેલ પવિત્ર સંયમ માર્ગ પાળવા કે આદરવાવડે કર્મની નિર્જરા થાય છે. આત્મસ્વરૂપના જ્ઞાન વિના સંયમ આચરવા કે આદરવાથી પણ કર્મની નિર્જરા થતી નથી; તેમજ આત્મજ્ઞાનનું સ્વરૂપ સમજીને પણ સંયમ ન પાલવાથી કર્મનિર્જરતા નથી. સકામ નિર્જરા કરવામાં આત્મજ્ઞાન અને સાથે પવિત્ર ચારિત્ર પાળવાની આવશ્યકતા હોવી જોઈએ. તે બન્નેથી કર્મની નિર્જરા થાય છે.

લોકાચાર કે ગાડરીયા પ્રવાહમાં ન તણાતા, આત્મતત્ત્વના આચરણમાં આદરવાળા રહી, નિતાંત સંયમવાળા યોગી કર્મોની નિર્જરા કરે છે. જે લોકોત્તર આચાર જ્ઞાની પુરુષોનો ઉપદેશેલો છે. અને આત્મમાર્ગને અનુકૂળ છે તેનો ત્યાગ કરીને જે ગાડરીઆ પ્રવાહરૂપ લોકાચારનું આચરણ કરે છે. તેનો નિર્જરામાં કારણભૂત સંયમ લુપ્ત થાય છે. જે પવિત્ર ચારિત્રનું આચરણ કરે છે, છતાં વાસ્તવીક રીતે નિશ્ચય-વ્યવહાર રૂપજ્ઞાનીઓના અપેક્ષાવાદમાં શ્રદ્ધા કરતા નથી, તેની આત્મશુદ્ધિ થતી નથી. કારણ કે પવિત્ર વર્તન સાથે જ્ઞાનની જરૂર છે, દર્શનની જરૂર છે (શ્રદ્ધાની) એકલા જ્ઞાનથી, એકલા દર્શનથી કે એકલા ચારિત્રથી પૂર્ણતા પ્રાપ્ય બનતી નથી. પણ રત્નત્રયની ઐક્યતાથી જ મોક્ષ માર્ગ પ્રાદુર્ભૂત થાય છે, પૂર્ણતાને પમાય છે.

જે સંયમી આદરવા યોગ્ય વિવિધ પ્રકારના આચારમાં પ્રવૃત્તિ કરી રહ્યો છે, છતાં સત્ પુરુષોએ નિશ્ચિત કરેલાં સિદ્ધાંતોને જાણતો નથી તે કેવળ ચક્ષુહીન જેવો છે. જ્ઞાન વિના ક્રિયા-ચારિત્ર કામીયાબ નિવડતું નથી. ચારિત્ર સાથે જ્ઞાનની આવશ્યકતા રહેલી જ છે. સિદ્ધાંત-શ્રુત-જ્ઞાન એ સાધુઓનાં નયનો છે, એકેન્દ્રિયાદિને ઇન્દ્રિયો એ જ ચક્ષુઓ છે, દેવોને અવધિજ્ઞાનરૂપ નેત્રો છે અને નિર્વાણ પામેલાને કેવલજ્ઞાનરૂપી ચક્ષુઓ છે. માટે આગમમાં કહેલાં અનુષ્ઠાનો કરવા તે નિર્જરાનું કારણ થાય છે.

( અનુસંધાન પાના ૧૦૯ નું ચાલુ )

હવે તમારે હવાલે કરું છું. તમે સૌ તમારા પતિદેવોની ભક્તિ અને સેવા કરજો, કારણ કે નારી જાતિનું એ જ સાચું ભૂષણ છે.” નારદજી એ વખતે વીણાના સૂર સાથે બોલી રહ્યાં હતાં:-

पृथिव्यां यानि तीर्थानि सती पादेषु तान्यपि ।
तेजश्च सर्वदेवानां मुनीनाञ्च सतीषु तत् ॥*

* પૃથ્વીમાં જે તીર્થો છે તે સર્વ સતીનાં ચરણમાં છે, તેમ દેવતાઓનું અને મુનિઓનું તેજ પણ સતીઓમાં રહેલું છે. —‘બૃહત્સંહિતા’.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જગત કર્તા વિષે વિવિધ મતો

( અવધૂ જોગી ગુરુ મેરા–એ ચાલ ).

સૃષ્ટિ કબ કિસીને બનાઈ, સંતો ! કબ કિસીને બનાઇ;
વાકી ખોજ કિસીને ન પાઇ, સૃષ્ટિ કબ કિસીને બનાઈ. એ ટેક.

વેદ પુરાણ કુરાન બૈબલ મેં, ભિન્ન ભિન્ન કર ગાઈ;
એક એક સબ ભિન્ન કહત હૈ, મિલત ન મેલી મિલાઈ. વા. ૧

ઋગ્ વેદ કે ઐત્તરીય આરણ્યમેં, આતમ સે ઉપજાઈ;
યજુર્વેદ કો ખોલ કે દેખા, વિરાટ પુરુષે પસરાઇ. વા. ૨

મંડૂક ઉપનિષદ્ કહત હૈ, મકડી જાલ કે ન્યાઈ;
કૂર્મ પુરાણે વિચારી જોતાં, નારાયણ મૂલ નિપાઈ. વા. ૩

મનુ સ્મૃતિ કે પહિલે અધ્યાયે, તમ માત્ર બતલાઈ;
ઉહાંસે પ્રગટે સ્વયંભૂ સ્વામી, તાતે તિમિર મિટાઈ. વા. ૪

કોઈ કહે કાલીકી શક્તિ, વાકી ન્યારી ન્યારી ચતુરાઈ;
લિંગ પુરાણે શિવજીકે વદનસેં, વિષ્ણુ બ્રહ્માદિક ઠાઈ. વા. ૫

બ્રહ્મ વૈવર્ત્ત પુરાણ યું બોલે, એ તો કૃષ્ણ કી ચતુરાઈ;
ભિતર ભેદકા પાર ન પાવે, કયા ફિતુરી કરે ફિતુરાઇ. વા. ૬

વેદનો પણ કોઈ ભેદ ન પાવે, કયા કરે ગડમથલાઈ;
મારગ છોડ ઉન્મારગ જાકે, કેવળ ધૂમ મચાઇ. વા. ૭

મત મમતા કો છોડ કે દેખો, કોઈ પુરુષ અતિસાઈ;
પુછ પાછકર ભિતર ખોજો, પીછે આતમ કાજ સધાઇ. વા. ૮

ગુરુ કૃપાસે સૃષ્ટિ સંબંધકા, કિંચિત ભેદ કો પાઈ;
અમર કહે હમ અમર ભયું હૈ, અંતર ભરમ ગમાઇ. વા. ૯

( મુનિ શ્રી અમરવિજયજી વિરચિત )

પ્રેષક : રતિલાલ માણેકચંદ શાહ–નડીઆદ.

✩



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રાદ્ધ, પ્રતિક્રમણનાં સૂત્રો, નામાન્તરો અને વિષય વૈવિધ્ય

(ડીસેમ્બર ૭૩ પૃષ્ઠ ૩૨થી ચાલુ : લેખાંક સૂત્રો ૪૭–૫૧)

લેખક : પ્રો. હીરાલાલ ૨. કાપડિયા એમ. એ.

૪૭ [૧]અદ્ધા–[૨]પચ્ચક્ખાણ=કાલ પ્રત્યાખ્યાન. હાલ પ્રત્યાખ્યાન સૂત્રોના પ્રભાતનાં અને સાયંકાલના એમ બે વિભાગો. પહેલાના ૭ અને બીજાના ૫ પ્રકારો એ નીચે મુજબ છે:—

(૧) [૩]નવકારસી, (૨) પોરિસી અને સડ્ઢ-પોરિસી, (૩) પુરિમુડ્ઢ અને અવડ્ઢ, (૪) એગાસણ, બિયાસણ અને એકલઠાણ, (૫) આયંબિલ અને નિવ્વિગઇય, (૬) તિવિહાહાર ઉપવાસ તેમજ (૭) ચઉવિહાહાર ઉપવાસ.

(૧) પાણાહાર, (૨) ચઉવિહાહાર, (૩) તિવિ-હાહાર, (૪) દુવિહાહાર અને (૫) [૪]દેસાવગાસિય.

૧. નવકારસી–સૂર્યોદયથી બે ઘડી પર્યન્ત અશનાદિ ચારે પ્રકારના આહારનો ત્યાગ. નમસ્કાર અને મુઠ્ઠી સહિતનું [૫]પ્રત્યાખ્યાન મુઠ્ઠી વિનાના પ્રત્યાખ્યાનના બે [૬]આગાર (સં. આકાર): અન્તભોગ [૭]સહસાકાર જ્યારે મુઠ્ઠી સહિતના બે અહિત આગાર: અહત્તર:કાર અને સર્વ સમાધિ પ્રત્યયાકાર.

૨. પોરિસી અને સડ્ઢપોરિસી, ઉપર્યુકત પ્રત્યાખ્યાનના અનુસંધાનરૂપે અનુક્રમે એક પ્રહર (પહોર) સુધીનું અને દોઢ પ્રહર સુધીનાં બે પ્રત્યાખ્યાનો એ બંનેના સાત આગારો પ્રથમ પ્રત્યાખ્યાન અંગેના ચારે આગરો ઉપરાંતના ત્રણ પ્રચ્છન્નકાળ, દિગ્મોહ અને સાધુવચન. આ બંનેમાં પણ ચારે આહારનો ત્યાગ.

૩. પુરિમડ્ઢ અને અવડ્ઢ. સૂર્યોદયથી પૂર્વાર્ધ એટલે બે પ્રહર સુધી પહેલું પ્રત્યાખ્યાન અને બીજું ત્રણ પ્રહર સુધીનું એવા પણ ઉપર્યુકત સાતે આહારો એમાં એ ચારે પ્રકારના આહારનો ત્યાગ.

૪. એગાસણ, બિયાસણ અને એગલઠાણ. આ ત્રણેના સમય મર્યાદા એક પ્રહરથી દોઢ પ્રહર [૮]સુધીના ત્યારબાદ એગાસણમાં ઉપર્યુક્ત સાતે આગારો. ઉપરાંત નિમ્નલિખિત નવ વિકૃતિઓનો ત્યાગ :—

અવાભોગ, સહસાકાર, લેપા લેપ, ગૃહસ્થ સંસૃષ્ટ, ઉત્ક્ષિપ્તવિવેક, પ્રતીત્ય પ્રક્ષિત, પારિષ્ઠા-પનિકાકાર, મહત્તરાકાર અને [૯]સર્વસમાધિપ્રત્યાકાર.

---

૧. 'અદ્ધા' એ 'દશ્ય' શબ્દ છે અને એના સાત અર્થો થાય છે. પ્રસ્તુમાં કાળ અર્થાત્ સમય કિંવા વખત અર્થ અભિપ્રેત છે. આ અર્થવાચક શબ્દ ઠાણ (૨, ૧)માં વપરાયો છે.

૨ આને બદલે કેટલાક જૈનો 'પચખાણ' એવો અશુદ્ધ શબ્દનો પ્રયોગ કરે છે.

૩. આને કેટલાક 'નોકારસી' કહે છે. વાસ્તવિક નામ તો 'नमुक्कार सहिय मुट्ठि सहिय' છે.

૪. આને પ્રતિક્રમણ સાથે સંબંધ જણાતો નથી.

૫. આમ કહેવાનું કારણ એ છે કે આ પ્રત્યાખ્યાન પારતી વખતે હાથની મુઠ્ઠીવાળીને ત્રણ નવકાર ભણવાના હોય છે

૬. આ પ્રાકૃત શબ્દનો અર્થ અપવાદ યાને છૂટ છે.

૭. બધાં એ પ્રત્યાખ્યાનોમાં આ ચાર આગારો છે જ.

૮. એ પાર્યા પહેલાં ચારે આહારનો ત્યાગ. એ પારી રહે તો ચારે આહારની છૂટ પરંતુ પછી કેવળ પાણીની અને તે પણ સૂર્યાસ્ત થાય તે પહેલાના સમય સુધીની.

૯. આ પૈકી પહેલા બે અને છેલ્લા બેનો આગારોમાં ઉલ્લેખ કરાયો છે તો એ ચાર અહીંથી ફરીથી કેમ ?



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

લેપાલેપથી માંડીને પારિષ્ઠાપનિકાકાર સુધીના પાંચ આગારો તો સાધુઓ માટેના છે. એનું ઉચ્ચારણ સૂત્રની અખંડતા માટે છે.

એગાસણુમાં એક જ વાર ભોજનની છૂટ છે તો બિયાસણુમાં બે વારની. બંનેમાં સ્થિર નિતમ્બવાળું [1]આસન.

બિયાસણુમાં ચૌદ આગારો. એમાં રિ.માં સૂચવાએલા ચાર આગારો ઉપરાંતના નિમ્નલિખિત દસ :—

(૧) આગારિકાકાર, (૨) આકુંચન પ્રસારણ, (૩) ગુર્વભ્યુત્થાન, (૪) પારિષ્ઠાપનિકાકાર, (૫) લેપ, (૬) અલેપ, (૭) અચ્છ, (૮) બહુલેપ, (૯) સસિકથ, અને (૧૦) અસિકથ.

આ પૈકી લેપથી માંડીને અસિકથ એ છ આગારો પાણીને અંગેના છે.

એગાસણ, બિયાસણ અને એકલઠાણુ એ ત્રણેનાં પ્રત્યાખ્યાનો લગભગ સમાન. એકલઠાણુનાં પ્રત્યાખ્યાનમાં આકુંચન પ્રસારણ આગારનો અભાવ.

૫. આયંબિલ અને નિવ્વી.

સૂર્યોદયથી એક કે દોઢ પ્રહર સુધી નમસ્કાર અને મુઠ્ઠી સહિત તેમજ ચતુર્વિધ આહારનો ત્યાગ. આયંબિલના પ્રત્યાખ્યાનની એગાસણાદિનો પ્રત્યાખ્યાનો સાથે લગભગ સમાનતા. પરંતુ વિકૃતિઓના નવ આગારો પૈકી પ્રતીત્યમ્રક્ષિત સિવાય આઠની છૂટ.

[2]નિવ્વી ( નિર્વૃ કૃતિક ).

ઉપવાસના બે પ્રકારો : તિવિહાર ઉપવાસ અને ચઉવિહાર ઉપવાસ.

તિવિહાર ઉપવાસ–સૂર્યોદયથી માંડીને બીજા દિવસના સૂર્યોદય સુધીનું અને પાણી સિવાયના ત્રણ આહારોના ત્યાગપૂર્વકનું પ્રત્યાખ્યાન. એક કે દોઢ પ્રહર સુધી [3]તેર આગારોપૂર્વક ચારે આહારનો ત્યાગ–સાંજે પાણુહારનું પ્રત્યાખ્યાન ફરજિયાત. એમાં અનાભોગાદિ પૂર્વોક્ત ચાર આગારો ઉપરાંત પારિષ્ઠ પનિકાકાર.

ચઉવિહાર ઉપવાસ–એમાં એક સૂર્યોદયથી માંડીને બીજા સૂર્યોદય સુધી ચતુર્વિધ આહારનો ત્યાગ. એમાં પણ તિવિહાર અંગેના પાંચ આગારો.

[4]પાણુહાર–પાનાહાર.

પાણીનો ત્યાગ એગાસણા, બિયાસણ, એકલઠાણુ, આયંબિલ અને નિવ્વી (?) માટે ફરજિયાત.

[5]ચઉવિહાર–સૂર્યાસ્ત થતાં પહેલાં બે ઘડી આગળથી ચારે આહારનો ત્યાગ. એમાં 'દિવસ ચરિમં'ને બદલે આયુષ્યનો અંત જણાતો હોય તો 'ભવ ચરિમં' પાઠ બોલવો.

[6]તિવિહાર–સાંજનું કેવળ પાણીની છૂટવાળું પ્રત્યાખ્યાન.

[7]દુવિહાર–સાંજનું આહાર અને અશન સિવાયના બે આહારોની છૂટ.

[8]દેસાવગાસિય દેશાવકાશિક.

ચૌદ નિયમો ધારનારને માટેનું પ્રત્યાખ્યાન તેમાં કેવળ દિશા ધારનારે 'ઉવભોગં પરિભોગં' પાઠ ન બોલવો.

પ્રભાતનાં સાત પ્રત્યાખ્યાનો પૈકી ૧, ૨, ૪ અને ૫ ક્રમાંકવાળાં ચાર પ્રત્યાખ્યાનો પ્રારંભ 'ઉગ્ગએ સૂરે'થી અને ૩, ૬ અને ૭ ક્રમાંકવાળાં ત્રણનો 'સૂરે ઉગ્ગએ'થી પ્રરંભ કરાયેલ છે

---

૧. આ બાબતને લઈને એગાસણને એકાસન પણ કહે છે

૨. આને કેટલાક 'નીવી' કહે છે.

૩. એમાં ૭ આગારો તો પાણીની લગતા છે.

૪–૮ આ પાંચેમાં અનાભોગાદિ ચાર આગારોની છૂટ છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આમ આ ફેરફારનું કારણ કોઇ પ્રાચીન કૃતિમાં—પ્રત્યાખ્યાનોનાં વિવરણોમાં દર્શાવાયું જણાતું નથી.

પ્રબોધ ટીકા ( ભા ૩, પૃ. ૧૨૨ )માં એવો ઉલ્લેખ છે કે 'ઉગ્ગએ સૂરે' એટલે 'સૂર્ય ઉદયમાં આવે છતે' અને 'સૂરે ઉગ્ગએ' એટલે 'સૂર્ય ઊંચો આવે છતે—મધ્યાહ્ન થયે છતે'. શું આ અર્થો સમુચિત છે

૪૮. 'સ્નાતસ્યા' સ્તુતિ=વર્ધમાન જિન સ્તુતિ= અષ્ટમીચતુર્દશી સ્તુતિ= પાક્ષિક સ્તુતિ.

'મેરુ' પર્વતના શિખર ઉપરના વર્ધમાનના—મહાવીરસ્વામીના જન્માભિષેકના પ્રસંગે એમના અપ્રતિમ રૂપથી વિસ્મય પામેલી (ઇન્દ્રાણી) શચીએ એમના મુખ ઉપર 'ક્ષીર' સાગરનું જળ રહી ગયાનું માની લઇ એમનું મુખ વારંવાર લૂછ્યું, જો કે ખરી રીતે તો એ તો એમના નેત્રની સાત્ત્વિક પ્રભા હતી એ કથન દ્વારા ઉપર્યુક્ત પ્રભાની જળક્ષીર સાગરના જળ કરતાં વિશેષ ઉજ્જવળતાનું સૂચન.

દ્વિતીય પદ્યમાં પણ જન્માભિષેકના પ્રસંગનું વર્ણન. હંસોની પાંખના ફડફડાટથી ઉડેલા 'ક્ષીર' સાગરના જળની જેવી સુવાસ અને એનો પીળો રંગ, અપ્સરાઓના પયોધર સાથે સ્પર્ધા કરનારા સુવર્ણમય કળશો, ઉપર્યુક્ત જળથી પરિપૂર્ણ કળશો વડે. જે તીર્થંકરોનો સર્વ ઇન્દ્રોવડે જન્માભિષેક કરાયો છે તેમનાં ચરણોને મારો નમસ્કાર.

તીર્થંકરના મુખમાંથી (અર્થરૂપે) ઉદ્ભવેલ, ગણધરોએ (સૂત્રે રૂપે) રચેલ, બાર અંગોથી યુક્ત, વિશાળ, (રચનશૈલીને લઇને) અદ્ભૂત, ઘણા અર્થોથી અલંકૃત, બુદ્ધિશાળી મુનિવરો દ્વારા ધારણ કરાયેલ, મોક્ષ (રૂપ મહેલ) ના મુખ્ય દ્વારરૂપ, વ્રત અને ચારિત્રરૂપ ફળ આપનાર જાણવા યોગ્ય પદાર્થોના પ્રકાશક અને સવ લોકમાં અદ્વિતીય સારભૂત એવાં ૧૧ વિશેષણોથી વિભૂષિત સમગ્ર શ્રુતનો મારો ભક્તપૂર્વક નિત્ય આશ્રય.

વર્ણે નીલ, પૂર્ણ દંષ્ટ્રવાળા, બીજના ચન્દ્ર જેવા (વાંકા) દંતૂશળવાળા, ઘંટાના નાદથી મત્ત બનેલા અને મદજળથી વ્યાપ્ત એમ પાંચ વિશેષણોથી વિશિષ્ટ દિવ્ય હાથી ઉપર આરૂઢ થયેલા, અભિલાષાઓને પૂર્ણ કરનાર, યથેષ્ટ રૂપધારી અને ગગનમાં વિચરતા એવા સર્વાનુભૂતિ યક્ષની સર્વે કાર્યોમાં સિદ્ધિ આપવા પ્રાર્થના.

૪૯. ભુ (ભ) વન દેવતા સ્તુતિ.

જ્ઞાનાદિ ગુણોથી યુક્ત અને સ્વાધ્યાય અને સંયમમાં સદા આસક્ત એવા સર્વ સાધુઓનું સર્વદા કલ્યાણ કરવા ભુવન દેવીની પ્રાર્થના.

ભુવનને બદલે ભવન હોવું જોઇએ એમ મારું માનવું થાય છે. કેટલાક ભુવન દેવતાનો અર્થ 'શરણાસુરી' કરે છે.

૫૦. ક્ષેત્ર દેવતા સ્તુતિ.

જેના ક્ષેત્રનો આશ્રય લઈ સાધુઓ (મોક્ષદાયક) ક્રિયાઓની સાધના કરે છે તે ક્ષેત્ર દેવતા અમને સદા સુખકારી થાઓ એવી એને અભ્યર્થના.

૫૧. સકલાર્હત્—ચતુર્વિંશતિ જિન નમસ્કાર—બૃહચ્ચૈત્યવન્દન.

આનાં વાસ્તવિક પદ્યોની સંખ્યા ૨૬ કે ૨૭ હોય એમ લાગે છે. તેમ છતાં અહીં તો હું તેત્રીસે પદ્યોનો વિષય દર્શાવું છું.

સર્વે તીર્થંકરોનું પ્રતિષ્ઠાન—સર્વમાં સ્થાન પામેલ, મોક્ષ લક્ષ્મીના નિવાસક્ષમ તેમજ ત્રૈલોક્યના સ્વામી સમાન એવા આર્હન્ત્યનું—અરિહંતપણાનું પ્રણિધાન.

સર્વ ક્ષેત્રોમાં સર્વદા નામ, સ્થાપના દ્રવ્ય અને ભાવ વડે ત્રણે લોકને પાવન કરનારા તીર્થંકરોની યથાર્થ ઉપાસના.

પ્રથમ પૃથ્વીપતિ, પ્રથમ નિષ્પરિગ્રહ (મુનિ) અને પ્રથમ તીર્થંકર એવા ઋષભનાથની સ્તુતિ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ત્યારબાદ અનુક્રમે બાકીના [1]ત્રેવીસે તીર્થંકરોની સ્તુતિ ( શ્લો. ૪–૨૭ )

અજિતનાથ-પ્રાણીઓ રૂપ કમળોને વિકસાવનારૂ સૂર્ય અને કેવળજ્ઞાનરૂપી દર્પણમાં જગત્‌ને પ્રતિબિંબિત કરનાર.

સંભવનાથ-ભવ્ય જીવો રૂપ ઉદ્યાનને સિંચનારી નીક જેવી એમની વાણી.

અભિનન્દનનાથ–અનેકાન્તરૂપ સદ્ધાન્તને ઉલ્લાસિત કરનાર ચન્દ્ર. પરમ આનન્દની પ્રાપ્તિ માટે એમને પ્રાર્થના.

સુમતિનાથ–એમનાં ચરણોનાં નખો દેવોના મુગટરૂપ સરાણ વડે ચકચકિત.

પદ્મ પ્રભ પ્રભુ–એમની દેહની લાલ કાન્તિ. અંતરંગ શત્રુઓના નાશ માટે કરેલ ક્રોધનું ફળ.

સુપાર્શ્વનાથ–ચતુર્વિધ સંઘરૂપ આકાશમાં સૂર્ય અને ઇન્દ્રોવડે પૂજિત.

ચન્દ્રપ્રભસ્વામી–એમની શુક્લ મૂર્તિ. શુક્લ ધ્યાનનો જાણે પ્રભાવ.

સુવિધિનાથ–કેવલજ્ઞાની અને કલ્પનાતીત માહાત્મ્યના ભંડાર. સમ્યક્ત્વની પ્રાપ્તિ માટે યાચના.

શીતલનાથ–પ્રાણીઓના આનંદરૂપ કંદને પ્રગટાવનાર મેઘ અને સ્યાદ્વાદરૂપ અમૃતની વૃષ્ટિ કરનાર.

શ્રેયાંસનાથ-ભવ રોગનો નાશ કરનારું એમનું દર્શન, અને મુક્તિના સ્વામી. કલ્યાણ માટે પ્રાર્થના.

વાસુપૂજ્યસ્વામી–વિશ્વોપકારક એવું 'તીર્થંકર' નામ કર્મ બાંધનાર અને દેવાદિને પૂજ્ય.

વિમલનાથ-પ્રાણીઓના ચિત્તરૂપ જળને સ્વચ્છ કરનાર કતકના ચૂર્ણ જેવી વાણી.

અનન્તનાથ–કરુણારસરૂપી જળ વડે 'સ્વયંભૂરમણ'ની સ્પર્ધા કરનાર.

ધર્મનાથ–પ્રાણીઓની ઇષ્ટ પ્રાપ્તિ માટેના કલ્પવૃક્ષ અને ચતુર્વિધ ધર્મના ઉપદેશક.

શાન્તિનાથ–અમૃત જેવી ધર્મદેશના દેનારા અને હરણના લાંછનના ધારક.

કુન્થુનાથ–અતિશયોથી યુકત અને દેવાદિના સ્વામી:

અરનાથ–ચતુર્થ આરારૂપ ગગનમંડળમાં સૂર્ય. મોક્ષ લક્ષ્મીનો વિલાસ અર્પવા પ્રાર્થના.

મલ્લિનાથ–સુરાદિ મયૂરો માટેના મેઘ અને કર્મરૂપ વૃક્ષને ઉખેડવામાં શ્રેષ્ઠ હાથી.

મુનિસુવ્રતસ્વામી–સંસારીઓની મોહ નિદ્રા દૂર કરવામાં પ્રાતઃકાળ સમાન દેશના દેનાર.

નમિનાથ-નમન કરનારાઓનાં મસ્તક ઉપર ફરકી રહેલાં અને જળના પ્રવાહોની જેમ નિર્મળતાનાં કારણરૂપ ચરણના નખના કિરણો, રક્ષણ માટે યાચના.

અરિષ્ટનેમિ–'યદુ' વંશરૂપી સમુદ્ર માટે ચન્દ્ર. કર્મ બાળનાર અગ્નિ. અમંગળના નાશ માટે પ્રાર્થના.

પાર્શ્વનાથ-કમઠ અને ધરણ ઇન્દ્ર પ્રત્યે સમભાવ ધારણ કરનાર.

મહાવીરસ્વામી–મહાનન્દનરૂપ સરોવરના રાજહંસ અને અલૌકિક લક્ષ્મીના સ્વામી.

અપરાધી ઉપર પણ અનુકંપાથી નમ્ર બનેલી કીકીવાળા અને અલ્પ અશ્રુથી ભીંજાયેલા એવાં એમનાં નેત્ર કલ્યાણ માટે થાઓ એવી અભિલાષા.

અન્ય ( અજૈન ) તીર્થિકો તેજને જીતનારા પૂજ્ય, વિમલ, ( કેવલજ્ઞાન રૂપ ) લક્ષ્મીથી યુક્ત, ત્રાસથી મુક્ત અને ત્રિભુવનના ચૂડામણિ ભગવાનનો જય. ( શ્લો. ૨૮ )

---

૧. ચોવીશમા તીર્થંકરની બે પદ્યો દ્વારા કરાય છે તો બાકીના એકેક પદ્ય દ્વારા.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સુરાદિથી પૂજિત, બુધોના આશ્રયદાતા, કર્મને હણનારા, અનુપમ તીર્થના પ્રવર્તક, ઘોર તપસ્વી તેમજ શ્રી, ધૈર્ય, કીર્તિ અને કાન્તિથી યુક્ત એવા વીરને નમસ્કાર અને ભદ્ર મ ટે યાચના.

પૃથ્વી વગેરે સ્થળોમાં રહેલા, કૃત્રિમ, અકૃત્રિમ, મનુષ્યકૃત તેમજ ઈન્દ્રોથી પૂજ્ય એવાં જિનભવનોને વન્દન. સર્વે જ્ઞાતાઓમાં પ્રથમ, પરમેષ્ઠીઓમાં સાથ દેવાધિદેવ અને સર્વજ્ઞ એમ ચાર વિશેષણોથી વિભૂષિત વીરને પ્રણામ. અનેક ભવોનાં પાપને બાળનાર અગ્નિ, મુક્તિરૂપી મહિલાના હૃદયના હારરૂપ અને ૧૮ દોષરૂપ હાથીઓના નાશ માટે સિંહ સમાન એવા વીતરાગ જિનદેવ ભવ્યોને વાંછિત ફળ અર્પો એવી ભાવના.

અષ્ટાપદ, ગજપદ, સંમેતશિખર, ગિરનાર, શત્રુંજય, મંડપ (માંડવગઢ), વૈભારગિરિ, કનકાચલ, આબુ અને ચિત્રકૂટનો નિર્દેશ અને ત્યાંના ઋષભદેવાદિ તીર્થંકરો તમારું મંગળ કરો એવી શુભેચ્છા. (વધુ આવતા અંકે)

## બોધ કથા : ફૂલ અને કાંટા

એક કાંટાએ પોતાની પાસેના ફૂલને કહ્યું, "કહે ભાઈ ફૂલ! લોકો તને તોડે છે અને તારા હૃદયમાં સોઈ ઘોચી તને દોરામાં પરોવે છે તો તું આ બધા અત્યાચાર આટલી શાન્તિથી શા માટે સહન કરી લે છે?"

ફૂલે જવાબ આપ્યો, "મને એમાં અત્યાચાર જેવું કંઇ નથી લાગતું. હું તો એ તોડનારાઓનો અત્યંત આભારી છું, કારણ કે એમની કૃપાથી જ હું દેવ-દેવીઓ અને મહાપુરુષોના કંઠ સુધી સુધી પહોંચી શકયો છું. પરંતુ તું વિના કારણે લોકોની આંગળીઓમાં શા માટે ખૂંચતો રહે છે? આ તારી દુર્જનતા જ છે ને?"

કાંટાએ કહ્યું, "મને દુઃખ થાય છે કે તું મારો નિકટ રહેનારો અને મિત્ર હોવા છતા પણ મને ન સમજી શકયો. પ્રથમ તો એ વાત બરાબર નથી કે હું લોકોની આંગળીમાં ભોંકાઉ છું. તું જ કહે કે હું લોકોની આંગળીમાં ભોકાવા કયારેય જાઉં છું? લોકો પોતે જ આંગળી પર જખમ વહોરી લે છે. હું લોકોની આંગળીમાં ભોકાઉં છું, એ પણ તારા જેવા સહોદરની રક્ષા માટે જ છે ને? એમા મારો કોઈ અંગત સ્વાર્થ કે દુર્જનતા થોડી જ છે?"

## ચંદ્રમા

ભગવાન શ્રી મહાવીર કહે છે :

વર્ણ, શીતલતા, સ્નિગ્ધતા, કાંતિ, દીપ્તિ, દ્યુતિ, છાયા, પ્રભા, ઓજસ અને મંડળની બાબતમાં કૃષ્ણ પક્ષના પડવાનો ચંદ્ર પૂર્ણિમાના ચંદ્ર કરતાં હીન હોય છે. તે જ પ્રમાણે કૃષ્ણ પક્ષના પડવાના ચંદ્ર કરતાં બીજનો ચંદ્ર હીનતર હોય છે, અને એ રીતે દરરોજ હીન થતો થતો અમાસની રાત્રે તે છેક નષ્ટ થઈ જાય છે. એ જ પ્રમાણે ક્ષમા, નિર્લોભતા, જિતેન્દ્રિયતા, સરલતા, મૃદુતા, લઘુતા, સત્ય તપ, ત્યાગ, અકિંચનતા અને બ્રહ્મચર્યના ગુણોથી રહિત થતાં જનારાં નિર્ગ્રંથ મુનિ અને દિનપ્રતિદિન હીન, હીનતર અને હીનતમ દશાને પામતાં પામતાં છેવટે અમાસના ચંદ્રની જેમ બિલકુલ નાશ પામે છે.

પરંતુ શુકલ પક્ષના પડવાનો ચંદ્ર વર્ણ, દ્યુતિ વગેરે ગુણોની બાબતમાં અમાવાસ્યાના ચંદ્ર કરતાં અધિક હોય છે. તે જ પ્રમાણે શુકલ પક્ષમાં બીજનો ચંદ્ર પડવાના ચંદ્ર કરતાં અધિકતર હોય છે. એ રીતે વધતાં વધતાં પૂર્ણિમાનો ચંદ્ર એ બધા ગુણોથી પરિપૂર્ણ થાય છે.

એ જ પ્રમાણે ક્ષમા વગેરે ગુણોને વધારે ને વધારે ખિલવનારાં નિર્ગ્રંથ અને નિર્ગ્રંથી છેવટે પૂર્ણિમાના ચદ્રની પેઠે પરિપૂર્ણ થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સેવાનો મોહ

લેખક : શ્રી ચીમનલાલ મકુભાઈ શાહ

સેવા અને મોહ શબ્દ સાથે વાપરવા વિરોધાભાસી છે. સેવામાં નિસ્વાર્થતા અને નિર્મોહપણાનો ભાવ છે. આ ખરૂં છે પણ વખત જતાં તેમાંથી સૂક્ષ્મ મોહ કેમ ઊભો થાય છે તે અનુભવથી જણાય છે.

સમાજ સહકારથી નભે છે કોઇ વ્યક્તિ સંપૂર્ણ સ્વાર્થી થઈ શકતી નથી. પોતાનાં માતા-પિતા, સ્રી અને સંતાનો, અન્ય કુટુંબીજનો, પડોશીઓ માટે દરેક વ્યક્તિ વત્તેઓછે અંશે કાંઈ ને કાંઇ કરે છે. દેખીતી રીતે તેમ કરવામાં તેને લાભ છે. તેમનો પણ સહકાર તેને મળે છે. આવા વર્તનને આપણે સેવા નથી ગણતાં. સેવામાં બદલાની આશા ન હોય. તેમાં માત્ર ત્યાગ છે.

સેવા ધર્મ પરમ ગહન છે, યોગીઓને પણ અગમ્ય છે, એમ કહ્યું છે. માણસ સેવા શા માટે કરે છે? શા હેતુથી કરે છે? ભૌતિક બદલાની આશા ન હોય ત્યાં પણ બીજા કોઇ બદલાની આશા છે? માણસના વર્તનના મૂળમાં જે એષણાઓ પડી છે તેમાં ધન, કીર્તિ, સત્તા, એક અથવા બીજે સ્વરૂપે ભાગ ભજવે છે. ધનનો મોહ હોય તે તરત દેખાઇ આવે. તે ભ્રષ્ટાચારમાં પરિણમે. કીર્તિ કે સત્તાનો મોહ સૂક્ષ્મ હોય છે. પોતાનો એવો કોઇ મોહ નથી એવું પોતાની જાતને મનાવવા પ્રયત્ન કરે અને જાહેર રીતે એવું કહે. પણ એની કસોટી થતાં વાર લાગતી નથી. પોતે સેવા કરતા હોય તેની કાઇ પણ કદર ન થાય અથવા પોતાને તે કારણે સમાજમાં કાંઈ પ્રતિષ્ઠા અથવા સન્માન ન મળે તો કેટલા લોકો કહેવાતું સેવાનું કામ ચાલુ રાખશે? સામાન્ય રીતે સમાજ કદર કરે છે. કેટલીક વખત વધારે પડતી કદર કરે છે. એવી વ્યક્તિને સમાજમાં પ્રતિષ્ઠા અને સ્થાન પણ મળે છે. પણ આપણે જોઇએ છીએ કે પોતાની લાયકાત કરતાં અથવા પોતે કરેલા કામની વધારે પડતી કિંમત આંકી, ઘણી પ્રતિષ્ઠા અથવા સ્થાનની ખોટી અપેક્ષા રાખે છે. પોતાના કરતાં બીજાને આવી પ્રતિષ્ઠા અથવા સ્થાન મળી જાય તો ઈર્ષા અથવા નિરાશા થાય છે. શુદ્ધ સેવાભાવ, કાંઇપણ અપેક્ષા વિનાનો, વિરલ હોય છે. એવા સેવાભાવનો પ્રમુખ ગુણ અથવા લક્ષણ નમ્રતા છે જેટલી નમ્રતા વધારે હોય, તેટલો સેવાભાવ દીપે. તેમાં અહંકાર ભળે-અને સામાન્યપણે આવું થાય છે-ત્યારે સેવાની અસર અને પરિણામ દોષિત થાય છે. સેવાનો સાચો આશય સમજીએ તો આવી નમ્રતા કેળવી શકાય. તે અઘરૂં છે પણ અશકય નથી.

સેવાનું સાચું ધ્યેય વ્યક્તિના આધ્યાત્મિક વિકાસનું છે. કોઇના ઉપર ઉપકાર કરીએ છીએ તે ભાવ સદંતર નીકળી જવો જોઇએ. આ કહીએ છીએ તેટલું સહેલું નથી. માણસનો સાચો વિકાસ-આંતરિક-બીજાનાં સુખદુઃખમાં ખાસ કરી દુઃખમાં ભાગીદાર થવામાં છે. પારકા લાગે છે તેને પોતાના ગણવા, તેમાં એટલી હૃદયની વિશાળતા કેળવવી તેમાં સાચી માનવતા છે તેને માટે કરવો પડતો ત્યાગ, એ ત્યાગ નથી પણ પ્રાપ્તિ છે તેવી પ્રતીતિ થાય ત્યારે આવી વૃત્તિ કેળવાય છે. આ સહેલાઇથી કે સહસા થતું નથી. દીર્ઘકાળની સાધના જોઇએ. વિરલ વ્યક્તિઓ માટે સહજ છે. સામાન્ય મનુષ્યે પ્રયત્નપૂર્વક કેળવવું પડે છે. સંસારનું સૌથી મોટું અનિષ્ટ, દુઃખ નથી પણ સ્વાર્થ છે. પરમાર્થ ભાવમાં સેવાના માર્ગમાં ઘણું કષ્ટ વેઠવું પડે પ્રાણ પણ આપવો પડે પણ તેને દુઃખ માનવાને બદલે આનંદ માનીએ એવી વૃત્તિ થાય છે. માણસ પોતાનું હૃદય કેટલું વિશાળ કરી શકે છે તે દરેક વ્યકિતની પ્રકૃતિ, સંસ્કાર અને સાધના ઉપર આધાર રાખે છે. દુઃખનું મૂળ કષાય અને



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રાગદ્વેષ છે સાચી સેવાથી રાગદ્વેષ ઓછા થવા જોઇએ. નિરંતર અંતરનો આનંદ વધતો રહેવો જોઇએ. પ્રાણીમાત્ર પ્રત્યે પ્રેમ, કરુણા અને મૈત્રી-ભાવ સાચી રીતે જાગે ત્યારે ખરી સેવા થાય. બીજી કોઈ અપેક્ષા હોય ત્યાં અહંકાર રહે.

આવી સેવા કરવી સહેલી નથી, અંતરના ભાવ શુદ્ધ હોય ત્યાં પણ સંજોગો પ્રતિકૂળ હોય, વિરોધ હોય, ઈર્ષા કે ખટપટ હોય, મતભેદો થાય, અને જીવને કલેશ થાય, માનવવ્યવહાર એટલે સંઘર્ષ, ભારે ધીરજ અને સહિષ્ણુતા જોઇએ. પોતાનું ધાર્યું કરવાની વૃત્તિને ખૂબ કાબૂમાં રાખવી જોઇએ. સંસ્થામાં કે સમૂહમાં કામ કરતા હોઇએ ત્યાં સૌને સાથે રાખીને કામ કરવાની કુશળતા જોઇએ. આ ત્યારે બને કે સાથી કાર્યકર્તાઓ પ્રત્યે પોતે આદર રાખે અને પોતાનું વર્તન એવું હોય કે બીજાને પોતાના પ્રત્યે આદર થાય.

દરેક વ્યક્તિ મોટી અથવા મોટી દેખાવા ઇચ્છા કરે છે. મોટા ભાગના માણસો ધન, કીર્તિ, કે સત્તામાં મોટપ માને છે. સીધી રીતે ધન, કીર્તિ કે સત્તા પાછળ માણસ પડે તો ઉઘાડો પડી જાય. આવી પ્રાપ્ત માટે સેવાને સૂક્ષ્મ રીતે સાધન બનાવે. સત્તા એટલે માત્ર રાજકીય સત્તા નહિ. સત્તા એટલે બીજા ઉપર પ્રભુત્વ મેળવવું, આધિપત્ય ભોગવવું, પોતાની આણ કે આજ્ઞાવર્તી બીજા થાય તેવી સ્થિતિ પ્રાપ્ત કરવી. જીવનનાં બધાં ક્ષેત્રોમાં આવી સત્તા મેળવવાનો પ્રયત્ન થાય છે. ધર્મ ગુરુઓ, શિક્ષકો, માતા પિતા, અધિકારી, બધાં એક અથવા બીજી રીતે સત્તા ભોગવે છે. ત્યાગ, નમ્રતા અને પ્રામાણિકતાને પણ સૂક્ષ્મ રીતે સત્તા મેળવવાનાં સાધન બનાવી શકાય છે. માણસના વર્તનના હેતુ અગમ્ય હોય છે. પોતે પણ પૂરા જાણતો નથી હોતો. બીજાને બહુ ઓછું જાણવા દે છે. જાગ્રત વ્યક્તિએ સતત પોતાના હેતુઓનું બારીકાઈથી પૃથક્કરણ કરતા રહેવું જોઇએ

સમય જતાં, સેવાનો મોહ જાગે છે. મારા વિના ચાલશે નહિ, મારા સિવાય બીજું કોઇ કરી શકે તેમ નથી. મારાથી રહેવાતું નથી, સહેવાતું નથી. આવા બધા ભાવ જાગે છે. પોતાની શકિત, શારીરિક તથા માનસિક ક્ષીણ થઇ ગઇ હોય તો પણ છોડવું ગમે નહિ. પોતાની અનિવાર્યતા માની બેસીએ અલબત્ત, કેટલીક વ્યક્તિઓ ખરેખર છેવટ સુધી જરૂરની અને ઉપયોગી હોય છે. તેમનો અનુભવ, ડહાપણ વગેરે માર્ગદર્શક બને છે. પણ ઉંમર થતાં ઉત્સાહ મંદ થાય છે. નવું કરવાની વૃત્તિ કે સાહસ બહુ થોડાને રહે છે જે છે તે દેખીતી રીતે ઠીક ઠીક ચાલ્યા કરે અને પોતાની આબરૂ રહે એવી વૃત્તિ થતી જાય છે. ધીમે ધીમે છોડવાની તૈયારી કરવી જોઇએ. સંજોગોને અનુકૂળ થવાની વૃત્તિ કેળવવી જોઇએ. લોકોનો આદર હોય, કામ કરવાની શક્તિ હોય ત્યાં સુધી માણસે કરવું. દુનિયાને સુધારી દેવાનો ઇજારો કે જવાબદારી લઇને કોઇ જન્મ્યું નથી. આ અનાદિ અનંત સંસાર ચાલ્યા કરવાનો છે. આપણે નિમિત્ત માત્ર છીએ અને ઇશ્વરસમર્પણની વૃત્તિથી થાય તેટલું કરવું. તેમાં આસક્તિ કે મોહ ન થાય તે જોવાનું. આવી વૃત્તિ કેળવવી સહેલી નથી પણ પોતાના કલ્યાણ માટે પણ આ જ વૃત્તિ ફલદાયક છે. નહિ તો રાગદ્વેષ વધે અને પોતાનું પણ બગડે. કેટલીક વ્યક્તિઓનાં જીવનમાં હું એવો સમય કલ્પી શકું છું કે પોતે એમ કહે કે મેં મારા કુટુંબનું, સમાજનું, દેશનું મારાથી થાય તેટલું કર્યું છે. હવે હું અને ઇશ્વર રહ્યા. આવી સ્થિતિ ન આવી હોય ત્યાંસુધી તે બહાને પોતાની ફરજ છોડવી નહિ. દરેકે પોતાનો માર્ગ નક્કી કરવાનો છે.

('જૈન જગત'માંથી સાભાર ઉધ્ધૃત)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈન સમાચાર

## આચાર્યશ્રી સમુદ્રસૂરીજીનો સ્વાગત સમારંભ

પૂજ્ય આચાર્યશ્રી વલ્લભસૂરીજીના પટ્ટધર શ્રી વિજય સમુદ્રસૂરીશ્વરજી મહારાજ જૈન સંઘની વિનંતીથી દિલ્હીમાં અષાઢ શુદી ૧૧ ને રવિવાર તા ૩૦-૬-૭૪ના રોજ નગર પ્રવેશ કરેલ છે.

પૂજ્ય સૂરીજી ૨૫૦૦મા મહાવીર નિર્વાણ મહોત્સવ અંગે ભારતની પાટનગરીમાં પધારતા હોવાથી દિલ્હી પ્રદેશ સમિતિએ તેમનું ભવ્ય સ્વાગત કર્યું હતું.

પૂજ્ય સૂરીજીની નગર પ્રવેશ અંગેના સામૈયામાં મોટી સંખ્યામાં જૈન તેમજ જૈનેતર ભાઈ બહેનો જોડાયા હતા.

નગર પ્રવેશ પ્રસંગે બેન્ડ વાજા સાથે પૂજ્ય સમુદ્રસૂરીજીનું સામૈયું થયેલ અને તે લગભગ ૯-૩૦ વાગે લાલ કીલામાં પહોંચ્યું હતું ત્યાં પૂજ્ય સૂરીજીનું સ્વાગત કરવા મોટી જનમેદની એકઠી થઈ હતી.

સભાના મંચ ઉપર જૈનોના ચારે સંપ્રદાયના પૂજ્ય સાધુ-સાધ્વીજી મહારાજો બીરાજમાન હતા. આ સભામાં અતિથિવિશેષ તરીકે ભારત સરકારના સંરક્ષણ પ્રધાન શ્રી જગજીવનરામે હાજરી આપી હતી, તેમજ ચારે ફીરકાના આગેવાનો આ સભામાં ઉપસ્થિત રહ્યા હતા.

સ્વાગત પ્રવચનમાં શ્રી શાહ શાન્તિપ્રસાદજીએ સર્વેનું ભાવભીનું સ્વાગત કરી આખા જૈન સમાજને સગઠીત બની કામ કરવા સૂચવ્યું હતુ. ત્યાર બાદ પૂજ્ય મુનિશ્રી જનકવિજયજીએ આચાર્ય શ્રી સમુદ્રસૂરી મહારાજનો જીવન પરિચય આપ્યો હતો, અને જણાવ્યું હતું કે જૈનોના ચારે ફીરકા સંગઠનથી કામ કરવા એકઠા થયા તેમાં સહકાર આપવા સૂરીજી પધાર્યા છે. આપણે સૌ સંગઠિત બની ભગવાન મહાવીરનો સંદેશ વિશ્વમાં પ્રસરાવીએ. ત્યાર બાદ મુનિશ્રી સુશીલકુમારજી તથા આચાર્યશ્રી તુલસીજી, મુનિશ્રી વિદ્યાનંદજી વગેરે મુનિ મહારાજો એ પ્રવચન કર્યા હતા.

ત્યાર બાદ અતિથિવિશેષ શ્રી જગજીવનરામે આચાર્ય શ્રી તથા અન્ય મુનિરાજોનું સ્વાગત કરતા જણાવ્યું હતું કે ત્યાગની ભાવના જગતને સાચું સુખ આપનારી છે. ત્યાગ એ સિદ્ધાન્તોજ શાશ્વત છે. સૂરીજીના જીવનમાંથી આપણે એ જાણવા મળે છે કે ભૌતિક સુખો માણસને સુખી કરી શકતા નથી પણ ત્યાગ અને સેવાની ભાવનાથીજ માણસને સાચું સુખ પ્રાપ્ત થાય છે.

ત્યારબાદ શાહુ શ્રી શાન્તિપ્રસાદજી, શ્રી કેદારનાથજી સહાની વગેરેએ સૂરીજીના સ્વાગત અને બહુમાન અંગે પ્રવચન કર્યા હતા. અંતમાં આચાર્યશ્રી સમુદ્રસૂરીજીએ કહ્યું હતું કે આપણે આગળ વધવું હોય તો સૌએ એક બની કામ કરવું પડશે. જૈન ધર્મમાંના દરેક ફીરકાઓ એક થઇને ભગવાન મહાવીરની ૨૫૦૦મી નિર્વાણ શતાબ્દી ઉજવશે, તો મહાવીરના સિદ્ધાન્તોનો જરૂર આપણે વિશ્વમાં પ્રસરાવી શકીશું.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

( અનુસંધાન ટાઈટલ પેજ બીજાનું શરૂ )

સમાવેશ કરવામાં આવ્યો છે. જેમ હિન્દુઓમાં 'ગીતા' અને બૌદ્ધોમાં 'ધમ્મપદ' જેવા પુસ્તકોમાં તે તે ધર્મોનો ટુંક સાર આવી જાય છે તેવી રીતે જૈન ધર્મના સારનો પણ ટુંકમાં સમાવેશ થઇ જાય એવુ પુસ્તક તૈયાર કરવાની પૂ. વિનોબાજીની ઈચ્છાને મૂર્તસ્વરૂપ આપવા આ ગ્રંથ પૂર્વ-ભૂમિકારૂપે તૈયાર કરવામાં આવ્યો છે.

**અંચલ ગચ્છ દિગ્દર્શન ( સચિત્ર ) :—પ્રયોજક :-શ્રી 'પાર્શ્વ'**

પ્રકાશક :-શ્રી. મુલુન્ડ અંચલ ગચ્છ જૈન સમાજ, મુલુન્ડ, મુંબઇ-૮૦
કિંમત પંદર રૂપિયા.

જાણીતા જૈન લેખક અને સંશોધક ભાઇશ્રી 'પાર્શ્વ' અંચલગચ્છનો આ બૃહદ્ ઇતિહાસ ગ્રંથ ખૂબ પરિશ્રમ લઇને તૈયાર કર્યો છે. ગ્રંથને સર્વાંગી અને પ્રમાણભૂત કરવા માટે ભાઈશ્રી 'પાર્શ્વે' અભિનંદનીય અને પ્રશંસનીય પ્રયાસ કર્યો છે.

**અંચલગચ્છના જ્યોતિર્ધરો :—લેખક :-શ્રી 'પાર્શ્વ'**

પ્રકાશક :-શ્રી. આર્યરક્ષિત પ્રાચ્ય-વિદ્યા સંશોધન મંદિર, પાલીતાણા
કિંમત બાર રૂપિયા

મૂળ શ્રી. આર્ય રક્ષિત બાળ વાંચનમાળા રૂપે પ્રગટ થયેલ ૨૫) પુસ્તિકાઓનો સંગ્રહ આ એક પુસ્તકરૂપે બહાર પાડવામાં આવ્યો છે. પુસ્તકના નામ પ્રમાણે અંચલગચ્છના જ્યોતિર્ધરોનો સાદી અને સરળ ભાષામાં વિસ્તૃત પરિચય આપવામાં આવ્યો છે.

**સ્તવ-પરિજ્ઞા ( ગુજરાતી ભાવાર્થ સાથે ) :—**

યોજક-સંપાદક-પ્રકાશક :-શ્રી. પ્રભુદાસ બેચરદાસ પારેખ, રાજકોટ-૨
કિંમત ત્રણ રૂપિયા

અજ્ઞાત નામના પૂર્વાચાર્યે રચેલ આ ગ્રંથ પૂ. શ્રી. યશોવિજયજી મહારાજના કહેવા પ્રમાણે બારમા અંગ દૃષ્ટિવાદ આદિમાંથી ઉધ્ધૃત કરેલ છે. સત્શાસ્ત્રના સ્વાધ્યાય માટે આ બહુ ઉપયોગી ગ્રંથ છે.

**શ્રી આગમ-જ્યોત ( આઠમું પુસ્તક ) :—**

વ્યાખ્યાતા :-પૂ. આચાર્ય મહારાજશ્રી સાગરાનંદસૂરીશ્વરજી મહારાજ
પ્રકાશક :-શ્રી. આગમોદ્ધારક ગ્રંથમાળા, કાપડ બજાર, કપડવંજ ( જિ. ખેડા )
મૂલ્ય સાત રૂપિયા

પૂ. આચાર્ય મહારાજશ્રીના તત્ત્વગ્રાહી વ્યાખ્યાનોનો સુંદર સંગ્રહ આ પુસ્તકમાં આપવામાં આવ્યો છે.

**કર્મ સિદ્ધાંત : રૂપરેખા અને પ્રૌઢ ગ્રંથો :—લેખક :-પ્રો. હીરાલાલ રસિકદાસ કાપડિયા**

પ્રકાશક -શા. મેઘરાજ મુળચંદજી, વાઈ ( મહારાષ્ટ્ર ).
કિંમત રૂ. ૮-૫૦

જાણીતા જૈન લેખક પ્રો. કાપડિયાના કર્મ સિદ્ધાંત સંબંધી અગાઉ લખાયેલા તેમજ હશ અપ્રકાશિત લેખોનો સંગ્રહ આ પુસ્તકરૂપે પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે. પ્રો. કાપડિયાના લેખો વિસ્તૃત માહિતી સભર હોય છે.

અનંતરાય જાદવજી શાહ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




## ખાસ વસાવવા જેવા કેટલાક અલભ્ય ગ્રન્થો

### संस्कृत ग्रंथो

| | रु. न. पै. |
|---|---|
| १ वसुदेव हिण्डी–द्वितीय अंश | १०–०० |
| २ बृहत्कल्पसूत्र भा. ६ ठ्ठो | २०–०० |
| ३ त्रिषष्टिशलाकापुरुषचरित–महाकाव्यम् भा. २, पर्व २, ३, ४ (मूळ संस्कृत) पुस्तकाकारे | १५–०० |
| ४. ” ” प्रताकारे | १५–०० |
| ५ द्वादशारं नयचक्रम् | ४०–०० |
| ६ सम्मतितर्कमहार्णवावतारिका | १५–०० |
| ७ तत्त्वार्थाधिगमसूत्रम् | १५–०० |
| ८ प्रबंधपंचशती | १५–०० |
| ९ श्रीनिर्वाणकेवलिभुक्तिप्रकरणे | ६–०० |

### અંગ્રેજી ગ્રંથો

| | R. N.p |
|---|---|
| 1 Anekantvada by H. Bhattacharya | 3-00 |
| 2 Shree Mahavir Jain Vidyalaya Suvarna Mahotsava Granth | 35-00 |

### ગુજરાતી ગ્રંથો

| | રૂા. ન. પૈ. |
|---|---|
| ૧ શ્રી પાર્શ્વનાથ ચરિત્ર | ૨૦–૦૦ |
| ૨ શ્રી તીર્થંકર ચરિત્ર | ૧૦–૦૦ |
| ૩ શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભા. ૨ | ૪–૦૦ |
| ૪ કાવ્ય સુધાકર | ૨–૫૦ |
| ૫ આદર્શ જૈન સ્ત્રીરત્નો ભા. ૨ | ૨–૦૦ |
| ૬ કથારત્ન કોષ ભા. ૧ | ૧૨–૦૦ |
| ૭ કથારત્ન કોષ ભા. ૨ | ૧૦–૦૦ |
| ૮ આત્મ વલ્લભ પૂજા સંગ્રહ | ૩–૦૦ |
| ૯ આત્મ કાન્તિ પ્રકાશ | ૧–૫૦ |
| ૧૦ જ્ઞાન પ્રદીપ ભા. (૧ થી ૩ સાથે) સ્વ. આ. વિજયકસ્તૂરસૂરિજી રચિત | ૧૦–૦૦ |
| ૧૧ ધર્મ કૌશલ્ય | ૨–૦૦ |
| ૧૨ અનેકાન્તવાદ | ૨–૦૦ |
| ૧૩ નમસ્કાર મહામંત્ર | ૨–૦૦ |
| ૧૪ ચાર સાધન | ૨–૦૦ |
| ૧૫ ભગવાન મહાવીર યુગના ઉપાસકો | ૨–૦૦ |
| ૧૬ જાણ્યું અને જોયું | ૨–૦૦ |
| ૧૭ સ્યાદ્વાદમંજરી | ૧૫–૦૦ |
| ૧૮ ભ. મહાવીર યુગનાં ઉપાસિકાઓ | ૨–૦૦ |
| ૧૯ પૂજ્ય આગમપ્રભાકર પુણ્યવિજયજી શ્રદ્ધાંજલિ વિશેષાંક પાકુ બાઈન્ડીંગ | ૬-૨૫ |
| કાચુ બાઈન્ડીંગ | ૫-૨૫ |

પોષ્ટ ખર્ચ અલગ. આ અમૂલ્ય ગ્રંથો વસાવવા ખાસ ભલામણ છે.

: લખો :

**શ્રી જૈન આત્માનંદ સભા : ભાવનગર**


તંત્રી : ખીમચંદ ચાંપશી શાહ, શ્રી આત્માનંદ પ્રકાશ તંત્રી મંડળ વતી
પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર
મુદ્રક: હરિલાલ દેવચંદ શેઠ આનંદ પ્રિન્ટીંગ પ્રેસ, ભાવનગર.

For Private And Personal Use Only